RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૨ | શુક્રવાર તા.૧૪-૦૮-૨૦૨૬ | અંક : ૪૭ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશી ડ્રોન પર ૧૦૦% ટેરિફ ઝીંક્યો

## ચીન પર નિર્ભરતા ઘટાડવા નિર્ણય, ભારતીય ડ્રોન કંપનીઓ માટે અમેરિકામાં નવી તકો ખુલશે

વોશિંગટન,

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર નિર્ભરતા ઘટાડવા અને રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરવા વિદેશી ડ્રોન પર ૧૦૦% સુધીનો ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ૩ સપ્ટેમ્બરથી અમલી બનનારા આ નિર્ણયથી ૨૫ કિલોથી વધુ વજનના ડ્રોન પર ૧૦૦% અને નાના ડ્રોન પર ૨૫% ટેરિફ લાગશે. આ નિર્ણયથી ચીનને સીધો ફટકો પડશે અને ભારતીય ડ્રોન કંપનીઓ માટે અમેરિકામાં નવી તકો ખુલશે.

ચીન પરની નિર્ભરતા ઓછી કરવા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવાના હેતુથી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિદેશથી આયાત કરવામાં આવતા ડ્રોન અને તેના સ્પેરપાર્ટ્સ પર ૧૦૦% સુધીનો જંગી ટેરિફ (આયાત કર) લાદવાની જાહેરાત કરી છે. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર, આ નવો ટેરિફ મોટાભાગે ૩ સપ્ટેમ્બરથી અમલી બનશે.ટ્રમ્પ પ્રશાસનના નવા ફરમાન મુજબ, આ ભારે-ભરખમ ૧૦૦% ટેરિફ એવા સંવેદનશીલ ડ્રોન પર લાગુ થશે જેનું વજન ૨૫ કિલોગ્રામથી વધુ છે અથવા જેમાં થર્મલ ઈમેજિંગ જેવી એડવાન્સ સુરક્ષા ટેક્નોલોજી આપેલી છે. જ્યારે રાષ્ટ્રીય સુરક્ષાના દાયરામાં ન આવતા હોય તેવા નાના કે સામાન્ય ડ્રોન પર ૨૫ % જેટલો ઓછો ટેરિફ લાદવામાં આવશે.

આ નિર્ણય ભલે તમામ દેશોમાંથી આવતા ડ્રોન માટે હોય, પરંતુ તેનો મુખ્ય લક્ષ્યાંક ચીન છે. હાલમાં અમેરિકાના કોમર્શિયલ ડ્રોન માર્કેટમાં લગભગ ૮૦% હિસ્સો ચીની ડ્રોનનો છે. રિયલ એસ્ટેટ, એગ્રીકલ્ચર, ફિલ્મ પ્રોડક્શન અને કન્ટેન્ટ ક્રિએશનમાં ચીનની 'ડ્રજેી' કંપનીનો દબદબો છે, જે ગ્લોબલ માર્કેટમાં ૭૦ % થી વધુ હિસ્સો ધરાવે છે. ટ્રમ્પના આ નિર્ણયથી વિદેશી સપ્લાય ચેઈન પરની નિર્ભરતા ઘટશે અને અમેરિકામાં ઘરઆંગણે ડ્રોન ઉત્પાદનને વેગ મળશે.

આ નિર્ણયની અસર ભારતીય ડ્રોન નિકાસકારો પર પણ પડશે,

# ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાનના હુમલાનો ડર બતાવી ઈઝરાયેલે શાંતિમંત્રણા પાટા ઉપરથી ઉતારી

વોશિંગ્ટન,

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુની સરકારે સીઆઈએને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ પર ઈરાને ઘડેલા હત્યાના કાવતરા અંગે ખોટો અહેવાલ સીઆઈએને આપ્યો હતો. અમેરિકન અધિકારીઓનું માનવું છે કે તેમની આ ખતરનાક ચાલનો હેતુ અમેરિકા-ઈરાન મંત્રણા પાટા પરથી ઉતારવી, વોશિંગ્ટનની ઈરાનની નીતિઓ પર અસર પાડવી અને તુર્કી સાથે ટ્રમ્પના વધતા સંબંધોને ફટકો મારવાનો હતો.

અહેવાલ મુજબ સીઆઈએના નિષ્ણાતોને આ જાસૂસી જાણકારી વિશ્વસનીય ન લાગી અને ટ્રમ્પ તંત્રને આ શંકાની જાણકારી આપી. એક અમેરિકન અધિકારીએ તો આ રિપોર્ટને ઈઝરાયેલથી મળેલો, અમેરિકા પાસેથી મળેલો નહીં તથા ઓછો વિશ્વસનીય ગણાવ્યો છે.




### સિંધુ જળ સંધિ મુદ્દે 'જો ભારત પીછેહઠ નહીં કરે તો..',

# ભારતને પાકિસ્તાની PM શાહબાઝ શરીફની યુદ્ધની ધમકી

## સ્વતંત્રતા દિવસે ઈસ્લામાબાદમાં યોજાયેલા 'યાદગાર-એ-ફતહ' કાર્યક્રમમાં ભારતને સીધી ચેતવણી આપી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભારત સામે આક્રમક તેવર બતાવ્યા છે. ઈસ્લામાબાદમાં તેમણે સિંધુ જળ સંધિ મુદ્દે ભારતને ચેતવણી આપી હતી. શરીફે કહ્યું કે, પાકિસ્તાનના પાણીનું એક-એક ટીંપું તેની 'રેડ લાઈન' છે. તેમણે મે ૨૦૨૫ના સૈન્ય સંઘર્ષનો ઉલ્લેખ કરી, ભારતને વધુ તાકાતથી જવાબ આપવાની ધમકી આપી. જોકે, તેમણે યુએસ પ્રમુખ ટ્રમ્પનો સીઝફાયર કરાવવા બદલ આભાર માન્યો હતો.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે સ્વતંત્રતા દિવસના પ્રસંગે ભારત સામે ફરી એકવાર આક્રમક અને તીખા તેવર બતાવ્યા છે. ઈસ્લામાબાદમાં યોજાયેલા 'યાદગાર-એ-ફતહ' કાર્યક્રમ દરમિયાન શાહબાઝ શરીફે સિંધુ જળ સંધિ અંગે ભારતને સીધી ચેતવણી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાનના પાણીનું એક-એક ટીપું તેની 'રેડ લાઈન' છે અને જો ભારત પોતાના વલણથી પીછેહઠ નહીં કરે તો પાકિસ્તાન તેનો સીધો જવાબ આપશે.

ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૨૫માં થયેલા પહલગામ આતંકી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી, ત્યારથી જ પાકિસ્તાન છંછેડાયેલું છે. આ ઉપરાંત મે ૨૦૨૫માં 'ઓપરેશન સિંદૂર' હેઠળ ભારતે પાકિસ્તાનમાં ડીપ સ્ટ્રાઈક કરીને આતંકી ઠેકાણાઓને નેસ્તનાબૂદ કર્યા હતા.

### ચીન, તૂર્કિયે અને સાઉદીને સંકટ સમયના મિત્ર કહ્યા

શાહબાઝ શરીફે ચીનને પાકિસ્તાનનો એવો મિત્ર ગણાવ્યો જે દરેક મુશ્કેલ સમયમાં હિમાલયની જેમ અડીખમ ઊભો રહ્યો છે. આ ઉપરાંત તેમણે સાઉદી અરેબિયા સાથે થયેલા સંરક્ષણ કરાર અને તેમાં તૂર્કિયેના જોડાવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. એક તરફ શાંતિની વાતો અને બીજી તરફ ભારત સામે આક્રમક ધમકીઓ આપતું શાહબાઝ શરીફનું આ નિવેદન દર્શાવે છે કે બંને દેશો વચ્ચે તણાવ ઓછો થવા છતાં પાકિસ્તાન તરફથી રાજકીય નિવેદનબાજી અને ઝેર ઓકવાનું ચાલુ જ છે.

# શ્રીનગરના શંકરાચાર્ય મંદિરમાં કડક સુરક્ષા વચ્ચે 'અમરનાથ છરી મુબારક' પૂજા યોજાઈ

## છરી મુબારકની અંતિમ પૂજા ૨૮ ઓગસ્ટના રોજ અમરનાથ ગુફામાં કરવામાં આવશે


શ્રીનગર,

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર સ્થિત શંકરાચાર્ય મંદિરમાં કડક સુરક્ષા વચ્ચે 'અમરનાથ છરી મુબારક' પૂજા યોજાઈ હતી. મહંત દીપેન્દ્ર ગિરી અને દેશભરના વિવિધ રાજ્યોના અનેક સાધુઓ અને સંતોએ આ વિધિમાં ભાગ લીધો હતો. તમને જણાવી દઈએ કે છરી મુબારક ૨૨ ઓગસ્ટના રોજ શ્રીનગરથી પહેલગામ જવા રવાના થશે. આ વર્ષે છરી મુબારકની અંતિમ પૂજા ૨૮ ઓગસ્ટના રોજ અમરનાથ ગુફામાં કરવામાં આવશે. શ્રીનગરના દશનામી અખાડામાં સ્થિત શિવ મંદિરમાં, પવિત્ર અમરનાથ ગુફામાં જતી છરી મુબારકની પૂજા "હર હર મહાદેવ" અને "બમ બમ ભોલે" ના નારાઓ વચ્ચે કરવામાં આવી હતી.

### દિલ્હી એક અભેદ્ય કિલ્લામાં રૂપાંતરિતઃ રાજધાનીમાં સુરક્ષા કડક, દરેક ખૂણે પોલીસ

નવીદિલ્હી,

૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા આજે, ૧૩ ઓગસ્ટના રોજ, ફુલ ડ્રેસ રિહર્સલ કરવામાં આવ્યું. આ રિહર્સલને કારણે, દિલ્હીના અનેક વિસ્તારોમાં ટ્રાફિક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.આખી દિલ્હી એક કિલ્લામાં ફેરવાઈ ગઈ છે. વિવિધ સ્થળોએ બેરિકેડ લગાવવામાં આવ્યા છે, અને પોલીસ કર્મચારીઓ તૈનાત છે. આયા નગર સરહદ પર વાહનોનું સંપૂર્ણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. પોલીસનો ધ્યેય શાંતિપૂર્ણ અને સલામત ઉજવણી સુનિશ્ચિત કરવાનો છે.




આર.આઈ.એલ.-જામનગર : વિશ્વનું સૌથી વિશાળ રિફાઈનિંગ મથક




રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની જામનગરમાં આવેલી દૈનિક ૧.૨૪ મિલિયન બેરલ ક્ષમતા ધરાવતી રિફાઈનરી વિશ્વની એક જ સ્થળે આવેલી સૌથી મોટી રિફાઈનરી તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આ રિફાઈનરી વિવિધ પ્રકારના ક્રૂડના શુદ્ધિકરણની ક્ષમતા ધરાવે છે અને તે પણ વિશ્વભરમાં સૌથી ઓછી કિંમતે. આ સંકુલનો ઝડપી વિકાસ જ ભારતના પરિવર્તનના કેન્દ્રમાં રહેલો છે. આ રિફાઈનરી સ્થપાતા ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોના આયાતકારમાંથી તેનું નિકાસકાર બન્યું અને તે રીતે દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત બની. આર.આઈ.એલ. વિશ્વના સૌથી મોટા સંકલિત પેટ્રોરસાયણ ઉત્પાદકોમાં સ્થાન ધરાવે છે અને તેનું લક્ષ્ય વિશ્વના ટોચની પાંચ સૌથી નફાકારક કંપનીઓમાં સ્થાન પ્રાપ્ત કરવાનું છે.


સુનિશ્ચિત કરે છે દેશની ઊર્જા સુરક્ષા

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

વૃદ્ધિ એ જ જીવન

# પીએમ મોદી પછી સીએમ ભૂપેન્દ્ર પટેલ અનેક રેકોર્ડ તોડશે

## ગુજરાતમાં સૌમ્ય અને મક્કમ મુખ્યમંત્રી તરીકે પ્રતિષ્ઠા કેળવનાર ભૂપેન્દ્ર પટેલ આવતા મહિને મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષ પૂર્ણ કરશે



અમદાવાદ,

ગુજરાતમાં સૌમ્ય અને મક્કમ મુખ્યમંત્રી તરીકે પ્રતિષ્ઠા કેળવનાર ભૂપેન્દ્ર પટેલ આવતા મહિને મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષ પૂર્ણ કરશે. લગભગ ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપનારા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પછી, ભૂપેન્દ્ર પટેલ આ વર્ષે ઘણા નવા સીમાચિહ્નો હાંસલ કરનારા પ્રથમ ભાજપ નેતા છે. તેઓ સપ્ટેમ્બર ૨૦૨૧ માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા, જ્યારે ભાજપે રાજ્યમાં "નો રિપીટ થિયરી" લાગુ કરીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. ૬૫ વર્ષીય ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળની ખાસ વાત એ રહી છે કે તેમના પર ભ્રષ્ટાચારનો કોઈ સીધો આરોપ લાગ્યો નથી.

અત્યાર સુધી કુલ ૧૭ લોકોને ગુજરાતના મુખ્યમંત્રી બનવાની તક મળી છે. દિલીપ પરીખનો કાર્યકાળ સૌથી ઓછો હતો. તેમણે ૧૨૮ દિવસ રાજ્યના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સૌથી લાંબા કાર્યકાળનો રેકોર્ડ ધરાવે છે. તેમણે ૧૨ વર્ષ અને ૨૨૭ દિવસ મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. ત્યારબાદ હિતેન્દ્ર દેસાઈનો નંબર આવે છે, જેમણે ૫ વર્ષ અને ૨૩૬ દિવસ સેવા આપી હતી. ત્યારબાદ માધવ સિંહ સોલંકીનો નંબર આવે છે, જેમણે ૫ વર્ષ અને ૨૨૬ દિવસ સેવા આપી હતી. પીએમ મોદી પછી, સ્વર્ગસ્થ વિજય રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષથી વધુ સમય સુધી સેવા આપનારા બીજા ભાજપા મુખ્યમંત્રી છે. તેમણે કુલ ૫ વર્ષ અને ૩૭ દિવસ મુખ્યમંત્રીની ખુરશી સંભાળી હતી. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો નંબર આવે છે.

આવતા મહિને, ૧૩ સપ્ટેમ્બરે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષ પૂર્ણ કરશે. આ પછી, તેઓ ઓક્ટોબરના અંત સુધીમાં વિજય રૂપાણીને પાછળ છોડીને ચોથા સ્થાને પહોંચી જશે. જો ભાજપ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આગામી ચૂંટણી લડે છે, તો તેઓ નવેમ્બર ૨૦૨૭ સુધીમાં માધવ સિંહ સોલંકી અને હિતેન્દ્ર દેસાઈને પાછળ છોડી દેશે અને સૌથી લાંબા કાર્યકાળની દ્રષ્ટિએ નરેન્દ્ર મોદી પછી બીજા ક્રમે આવી જશે. વધુમાં, જો ભાજપ ૨૦૨૭ની ચૂંટણીમાં ફરીથી "નરેન્દ્ર-ભૂપેન્દ્ર" સૂત્રનો ઉપયોગ કરે છે, તો ભૂપેન્દ્ર પટેલ વધુ એક સીમાચિહ્ન હાંસલ કરશે. તેઓ પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનારા બીજા ભાજપના નેતા અને ગુજરાતના ત્રીજા મુખ્યમંત્રી બનશે. વધુમાં, તેમના નેતૃત્વ હેઠળ બીજી ચૂંટણી લડવામાં આવશે. હાલમાં, ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરવાનો રેકોર્ડ વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભૂતપૂર્વ કોંગ્રેસના નેતા માધવ સિંહ સોલંકીના નામે છે.

# ૧૦૮ કલાકારોના ડમરુના નાદથી વડનગરના આંગણે શ્રાવણોત્સવનો દબદબાભેર પ્રારંભ

### નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભવ્ય ડમરુ યાત્રા અને હેરિટેજ ઓટો રિક્ષા સેવાનો કરાવ્યો પ્રારંભ

વડનગર,

ઐતિહાસિક નગરી વડનગરના આંગણે વહેલી સવારે ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનો અનોખો ત્રિવેણી સંગમ રચાયો હતો. ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'વડનગર શ્રાવણોત્સવ'નો ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવના કિનારેથી મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ મહોત્સવનું વિધિવત ઉદ્ઘાટન કરી વડનગરની ધરતીને સાંસ્કૃતિક ચેતનાથી તરબતર કરી હતી. આ અવસરે તેમણે મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય 'ડમરુ યાત્રા'નું પોતે ડમરુ વગાડીને પ્રસ્થાન કરાવ્યું હતું, જેનાથી સમગ્ર વાતાવરણમાં એક દિવ્ય ઉર્જાનો સંચાર થયો હતો.

વડનગરની ગરિમા અને શિવભક્તિની પરંપરાને અનુરૂપ આ ડમરુ યાત્રામાં કુલ ૧૦૮ નિષ્ણાત કલાકારો દ્વારા એકસાથે ડમરુ વાદન કરવામાં આવ્યું હતું. ૧૦૮ કલાકારોના એકસાથે થતા ડમરુના ગુંજારવ અને ગહન નાદથી સમગ્ર વડનગર નગરી શિવમય બની ગઈ હતી. આ અનોખા વાદનથી ઉપસ્થિત જનમેદની અને નગરજનોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ સાંસ્કૃતિક વારસાને બિરદાવતા જણાવ્યું હતું કે વડનગરના આંગણે આ શ્રાવણોત્સવ; ભક્તિ અને કલાના સંગમ દ્વારા વૈશ્વિક ફલક પર એક નવી ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યો છે.આ ભવ્ય ડમરુ યાત્રાએ વડનગરના વિવિધ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોને શ્રદ્ધાના સૂત્રે સાંકળી લીધા હતા. શર્મિષ્ઠા તળાવથી પ્રારંભ થયેલી આ યાત્રા અર્જુન બારી, ભગતના ગલ્લા અને જુના ચાચરેથી પસાર થઈ હતી. ત્યારબાદ આ યાત્રા શ્રી સ્વામિનારાયણ મંદિર અને ગોપાલજી મંદિર થઈને અંતે સુપ્રસિદ્ધ શ્રી હાટકેશ્વર મહાદેવના મંદિરે સંપન્ન થઈ હતી. યાત્રાના સમગ્ર રૂટ દરમિયાન નગરજનોએ ડમરુના નાદ સાથે આ ઉત્સવને હર્ષોલ્લાસથી વધાવી લીધો હતો, જે વડનગરની ભવ્ય વિરાસત અને અતૂટ શ્રદ્ધાના દર્શન કરાવે છે.

# અમદાવાદમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા ૧૧ ફરીયાદીઓને રૂ.૨.૬૦ કરોડ પરત કરાયા

અમદાવાદ,

અમદાવાદમાં રહેતા અને વિવિધ રીતે સાયબર ક્રાઈમનો ભોગ બનનારા ૧૧ ફરિયાદીઓના રૂપિયા ૨.૬૦ કરોડ જેટલી રકમ તેરા તુજકો અર્પણ હેઠળ પરત આપવામાં આવી છે. સાયબર ક્રાઇમ સેલના અધિકારીઓએ જણાવ્યું કે સાયબર ફ્રોડથી બચવા માટે સાવધાની જરૂરી છે. અને જો કોઇ કિસ્સામાં ભોગ બની જવાય તો તાત્કાલિક ૧૯૩૦ સાયબર હેલ્પ લાઇન પર તાત્કાલિક જાણ કરવી. જેથી વધુમાં વધુ રકમ એકાઉન્ટમાં ફ્રીઝ કરાવી શકાય.

અમદાવાદમાં રહેતા ૧૧ જેટલા લોકોએ સાયબર ફ્રોડમાં નાણાં ગુમાવ્યાની ફરિયાદ છેલ્લાં દોઢ માસમાં નોંધવામાં આવી હતી. જે કેસમાં સાયબર ક્રાઇમ સેલ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવતા વિવિધ બેંક એકાઉન્ટમાં નાણાં ફ્રીઝ કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત બુધવારે પોલીસ કમિશનર અનુપમસિંહ દ્વારા ૧૧ લોકોને તેરા તુજકો અર્પણ પ્રોજેક્ટ હેઠળ ૨.૬૦ કરોડ જેટલી રકમ પરત કરવામાં આવી હતી. જે નાણાં તેમના બેંક એકાઉન્ટમાં જમા કરવા માટે ચેક અને ડીમાન્ડ ડ્રાફ્ટ અપાયા હતા.

આ અંગે સાયબર ક્રાઇમના અધિકારીઓએ જણાવ્યું કે સાયબર ફ્રોડથી બચવા માટે સતર્કતા ખુબ જરૂરી છે. જો કોઇ કિસ્સામાં સાયબર ફ્રોડનો શિકાર બની જવાય તો એક કલાકની અંદરની અથવા ખુબ જ ઝડપથી સાયબર હેલ્પ લાઇન ૧૯૩૦ પર કોલ કરવો. જેથી પોલીસ વધુને વધુ રકમ ફ્રીઝ કરીને બચાવી શકે છે. આરટીઓ, બેંક કે અન્ય કોઇ પણ પ્રકારના વિભાગને લગતી એપીકે ફાઇલ ડાઉન લોડ કરવી નહી. એસએમએસ કે વોટ્સએપ પર આવેલી શંકાસ્પદ લીંક પર કલીક ન કરવું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના નિવાસસ્થાને તિરંગો લહેરાવી 'હર ઘર તિરંગા' અભિયાનનો પ્રારંભ કરાવ્યો

## ૧૭ ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવાની સાથે સીમાવર્તી ગામડાઓ સુધી ભવ્ય તિરંગા યાત્રાઓનું આયોજન

ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર સ્થિત પોતાના સત્તાવાર નિવાસસ્થાને આન-બાન અને શાન સાથે રાષ્ટ્રધ્વજ લહેરાવીને રાજ્યવ્યાપી મહોત્સવનો શુભારંભ કરાવ્યો હતો. આ ખાસ અભિયાન અંતર્ગત ૧૭ ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવાની સાથે સીમાવર્તી ગામડાઓ સુધી ભવ્ય તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ દેશભરમાં આયોજિત થઈ રહેલા રાષ્ટ્રભક્તિના આ મહાપર્વમાં ગુજરાત અગ્રેસર બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર સ્થિત તેમના નિવાસસ્થાને સંપૂર્ણ સન્માન સાથે તિરંગો લહેરાવ્યો હતો.તેમણે રાજ્યના તમામ નાગરિકોને પોતાના ઘરો, દુકાનો અને પ્રતિષ્ઠાનો પર તિરંગો લહેરાવી આ અભિયાનને 'હર ઘર તિરંગા'થી આગળ વધારી 'હર દિલ તિરંગા' જનઆંદોલન બનાવવાની ભાવુક અપીલ કરી હતી.

આ વર્ષે ૯ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટ દરમિયાન સમગ્ર ગુજરાતમાં અભૂતપૂર્વ ઉત્સાહ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણી માત્ર સરકારી પ્રોટોકોલ પૂરતી સીમિત ન રહેતાં વ્યાપક જનભાગીદારીનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે.

રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ, તાલુકાઓ, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં તિરંગા યાત્રા, તિરંગા રન, તિરંગા કોન્સર્ટ અને સાંસ્કૃતિક કાર્યક્રમો ધામધૂમથી યોજાઈ રહ્યા છે. આ વર્ષની ઉજવણી વિશેષ ઐતિહાસિક મહત્વ ધરાવે છે, કારણ કે આઝાદીના સંગ્રામમાં દેશવાસીઓમાં ચેતના જગાડનાર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. સ્વતંત્રતા દિવસની થીમ સાથે વંદે માતરમ્ ની આ ૧૫૦મી વર્ષગાંઠને પણ જોડવામાં આવી છે.

ગુજરાત સરકારે આ વર્ષે ૭૦ લાખથી વધુ મકાનો, શાળાઓ અને સરકારી કચેરીઓ પર તિરંગો લહેરાવવાનો મક્કમ લક્ષ્યાંક નિર્ધારિત કર્યો છે, જે માટે સમગ્ર રાજ્યમાં મોટા પાયે રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું છે.

# કલોલમાં ONGC પ્લાન્ટ ખાતે બોઈલર ફાટતા આગની ઘટના



ગાંધીનગર,

જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા ONGC પ્લાન્ટમાં આજે સવારે એકાએક બોઈલર ફાટ્યું હતું. બોઈલર ફાટતાં જોતજોતામાં વિકરાળ આગ ફાટી નીકળી હતી. જોકે સવારના સમયે કર્મચારીઓ નહીંવત્ત હોવાના કારણે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ આગની જ્વાળાઓ દૂર-દૂર સુધી જોવા મળી હતી.

કલોલથી માણસા તરફ જતા હાઈવે ઉપર ધમાસણા નજીક ONGCનો એક પ્લાન્ટ આવેલો છે. આ પ્લાન્ટમાં ગુરુવારે આશરે સવારના ૯:૦૦ વાગ્યે એક જોરદાર ધડાકો સંભળાયો હતો. આ ધડાકો અંદર રહેલું બોઈલર ફાટતાં થયો હતો, જેના કારણે આગ ફાટી નીકળી હતી. આગની જ્વાળાઓ દૂર-દૂર સુધી જોવા મળી હતી.

આગ પર કાબુ મેળવવા માટે શરૂઆતમાં ONGCની જ ફાયર ટીમ દ્વારા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. છતાં આગ પર કાબુ મેળવી શકાયો ન હતો, જેથી કલોલ નગરપાલિકાની ફાયર ટીમને જાણ કરવામાં આવતાં તે પહોંચી હતી. ONGC અને કલોલ નગરપાલિકાના ફાયર જવાનો દ્વારા આગ પર અડધો કલાક સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ કાબુ મેળવવામાં આવ્યો હતો. આ ઘટનાને લઈને કલોલ મામલતદાર સ્થળ પર પહોંચી ગયા હતા અને સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

# પાટણમાં પેપરલીક મુદ્દે એબીવીપીનું ઉગ્ર આંદોલન, યુનિવર્સિટી ગેટ બહાર ચક્કાજામ

## પોલીસે ૧૨ જેટલા આંદોલનકારી કાર્યકરોની અટકાયત કરી

પાટણા,

પાટણમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય ગેટ બહાર અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઝારખંડમાં પરીક્ષાના પેપર લીક થવાના મુદ્દા અને વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ લાઠીચાર્જના વિરોધમાં એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટી રોડ પર રસ્તો રોકીને ચક્કાજામ કર્યો હતો. આ દરમિયાન પોલીસે ૧૨ જેટલા આંદોલનકારી કાર્યકરોની અટકાયત કરી હતી

મળતી માહિતી મુજબ, ઝારખંડમાં જેપીએસસી અને જેએસએસસીની પરીક્ષાઓમાં પેપર લીક થવાના આક્ષેપોને લઈને વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે એબીવીપી દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી ઝારખંડમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે.

એબીવીપીના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન પોલીસ દ્વારા આંદોલનકારી વિદ્યાર્થીઓ સામે લાઠીચાર્જ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં એબીવીપી દ્વારા દેશના વિવિધ સ્થળોએ વિરોધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

તેના ભાગરૂપે પાટણમાં પણ એબીવીપીના કાર્યકરો મોટી સંખ્યામાં યુનિવર્સિટીના મુખ્ય ગેટ બહાર એકત્ર થયા હતા. કાર્યકરોએ રસ્તા પર બેસીને ચક્કાજામ કર્યો હતો અને ઝારખંડ સરકાર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધના કારણે યુનિવર્સિટી રોડ પર વાહનવ્યવહારને અસર થઈ હતી.

પાટણ વિભાગ સંયોજક રાહુલ દેસાઈએ આક્ષેપ કર્યો હતો કે, પેપર લીક જેવી ઘટનાઓથી વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ, સરકાર પોતાની નિષ્ફળતા છુપાવવા માટે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે દમનકારી કાર્યવાહી કરી રહી છે.

એબીવીપીએ ઝારખંડ સરકાર સામે આકરા સવાલો ઉઠાવીને માંગ કરી છે કે, જો સરકાર સરકારી પરીક્ષાઓની પારદર્શિતા અને સુરક્ષા જાળવી શકતી ન હોય તો મુખ્યમંત્રી હેમંત સોરેનએ નૈતિક જવાબદારી સ્વીકારવી જોઈએ.

# સુરતમાં ડેંગ્યુની સારવાર દરમિયાન ૧૪ વર્ષના કિશોરનું મોત : તબીબી બેદરકારીનો આક્ષેપ

સુરત,

પાંડેસરા વિસ્તારમાં ડેંગ્યુની સારવાર દરમિયાન ૧૪ વર્ષના કિશોરના મોતને પગલે તબીબી બેદરકારીના આક્ષેપ સાથે ચકચાર મચી ગઈ છે. પરિવારજનોના જણાવ્યા મુજબ, કિશોરને છેલ્લા બે દિવસથી તાવ હોવાથી તેરેનામ ચોકડી નજીક આવેલી સ્વસ્તિક હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. હોસ્પિટલમાં તપાસ કર્યા બાદ તબીબે તેને ડેંગ્યુ હોવાનું જણાવ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૃતક અભિષેક સિંહને હોસ્પિટલમાં બે દિવસ સુધી બોટલ ચડાવીને સારવાર આપવામાં આવી હતી. તબીબ દ્વારા બાળકને હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ પણ આપવામાં આવી હતી, પરંતુ પરિવારજનો તેને બોટલ ચડાવ્યા બાદ ઘરે લઈ ગયા હતા.

પરિવારના જણાવ્યા પ્રમાણે, ગઈકાલે રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યે અભિષેકને હોસ્પિટલમાં ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. ઈન્જેક્શન આપ્યાના થોડા સમય બાદ તેની તબિયત અચાનક લથડી હતી અને આશરે અડધા કલાકમાં તે બેભાન થઈ ગયો હતો. ત્યારબાદ તેની સ્થિતિ ગંભીર બનતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી.

મૃતકના પિતા બલરામ સિંહે હોસ્પિટલ અને તબીબ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. તેમના કહેવા મુજબ, બાળકને ખોટી, એક્સપાયરી થયેલી અથવા વધુ ડોઝવાળી દવા/ઈન્જેક્શન આપવામાં આવ્યું હોવાની તેમને શંકા છે. જોકે, આ આક્ષેપોની સત્યતા અંગે સત્તાવાર રીતે હજુ કોઈ પુષ્ટિ થઈ નથી.

બાળકના પિતા વોચમેન તરીકે કામ કરે છે. તેમણે સમગ્ર મામલે તબીબી બેદરકારી દાખવનાર તબીબ સામે પોલીસ ફરિયાદ કરી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# વિરપુરના ખાટા ગામે મકાનની દીવાલ ધરાશાયી થતા બે માસૂમ બાળકોના મોત

## તંત્ર દ્વારા લોકોને જર્જરિત કે કાચા ઘરોમાં સાવચેતી રાખવા અને સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવી



મહિસાગર,

મહિસાગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા સતત અને અવિરત વરસાદે હવે મુશ્કેલીઓની સાથે કાળજી કંપાવી દે તેવી ગંભીર હોનારત સર્જી છે. સતત ભીંજાવાના કારણે કાચા મકાનો જર્જરિત થઈ રહ્યા છે. વિરપુર તાલુકાના ખાટા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ભારે વરસાદ વચ્ચે રહેણાંક ઘરની કાચી દીવાલ અચાનક ધરાશાયી થતાં તેની નીચે દબાઈ જવાથી ૨ અને ૪ વર્ષના બે નાદાન બાળકોના કરૂણ મોત નીપજ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર વિરપુર તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ભારે અરેરાટી અને શોકનું મોજું ફરી વળ્યું છે. મહિસાગર જિલ્લામાં છેલ્લા ૪૮ કલાકથી વરસાદી માહોલ જામ્યો છે. સતત વરસતા પાણીના કારણે અનેક વિસ્તારોમાં કાચા મકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. વિરપુર તાલુકાના ખાટા ગામે આવેલા એક રહેણાંક મકાનમાં પરિસ્થિતિ સાનુકૂળ ન હોવા છતાં ગરીબ પરિવાર આશ્રય લઈ રહ્યો હતો. દરમિયાન ઘરની અંદર માસૂમ બાળકો રમી રહ્યા હતા ત્યારે વરસાદના કારણે પાણીથી ધોવાઈને જર્જરિત થયેલી કાચી દીવાલ અચાનક જ કાળ બનીને ધસી પડી હતી. દીવાલ ધરાશાયી થતાં જ ઘરમાં રમી રહેલા ૨ વર્ષ અને ૪ વર્ષના બે નાના બાળકો ક્ષણવારમાં જ કાટમાળ નીચે દબાઈ ગયા હતા. ધડાકાભેર દીવાલ પડવાનો અવાજ આવતાં જ આસપાસના ગ્રામજનો અને પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# અમદાવાદના વાસણા વિસ્તારમાં આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી

## બોગસ દસ્તાવેજો અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોટી ફાઈલો બતાવી અરજદારો પાસેથી લાખો રૂપિયા પડાવ્યા

અમદાવાદ,

અમદાવાદના વાસણા વિસ્તારમાં આવાસ યોજનામાં મકાન અપાવવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડીનો ગંભીર મામલો સામે આવ્યો છે. બોગસ દસ્તાવેજો અને મ્યુનિસિપલ કોર્પોરેશનની ખોટી ફાઈલો બતાવી અરજદારો પાસેથી લાખો રૂપિયા પડાવ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.આ સમગ્ર મામલે પીડિતોએ વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આરોપીઓ સામે છેતરપિંડી અને ધમકી આપવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

અમદાવાદના વાસણા વિસ્તારમાં ઔડાના આવાસ યોજનાના મકાન અપાવવાના બહાને ૬.૮૮ લાખની છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ અરજદારોને સરકારી આવાસ યોજના હેઠળ મકાન અપાવવાની લાલચ આપી તેમની પાસેથી તબક્કાવાર મોટી રકમ વસૂલવામાં આવી હતી. આરોપીઓએ મકાન ફાળવણી, લોન ફાઈલ તૈયાર કરાવવી તેમજ જરૂરી દસ્તાવેજોની પ્રક્રિયા કરાવવાના નામે અરજદારો પાસેથી લાખો રૂપિયા લીધા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ સમગ્ર મામલે છગન ચૌહાણ અને મહેબૂબ ઉર્ફે બાબુ અજગર નામના બે શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. બંનેએ મળીને અરજદારોનો વિશ્વાસ જીતી સરકારી આવાસ યોજના હેઠળ મકાન અપાવી આપવાની ખાતરી આપી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ મુજબ આરોપીઓએ મ્યુનિસિપલ કોર્પોરેશનની બોગસ ફાઈલો, દસ્તાવેજો અને ફોટોગ્રાફ્સ બતાવી સમગ્ર પ્રક્રિયા સાચી હોવાનું દર્શાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દસ્તાવેજો જોઈ અરજદારોને વિશ્વાસ આવ્યો હતો અને તેમણે આરોપીઓને રૂપિયા આપ્યા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપીઓ અરજદારોને વાસણા વિસ્તારમાં આવેલું એક મકાન પણ બતાવવા લઈ ગયા હતા. આ મકાન જ તેમને ફાળવવામાં આવશે તેવી ખાતરી આપી વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. જોકે બાદમાં જ્યારે અરજદારોએ સમગ્ર મામલે તપાસ કરી ત્યારે સામે આવ્યું કે જે મકાન બતાવવામાં આવ્યું હતું તેમાં પહેલાથી જ અન્ય લોકો રહેતા હતા. ત્યારબાદ તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. પીડિતોએ આરોપીઓ પાસે પોતાના રૂપિયા પરત માંગ્યા ત્યારે આરોપીઓએ રકમ પરત આપવાનો ઈનકાર કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. એટલું જ નહીં, રૂપિયા માંગવા જતાં આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે.

# હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ - HFRI ની સમાજસેવાના ૫૦ વર્ષ

## છેલ્લા પાંચ દાયકાથી HFRI ના. ડૉ. ,નિતીન શાહ આરોગ્ય, શિક્ષણ, સાંસ્કૃતિક વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, સ્ત્રી સશક્તિકરણ, સમુદાય વિકાસ અને દિવ્યાંગ કલ્યાણના ક્ષેત્રમાં કાર્યરત



અમદાવાદ,

ડો. શાહના માર્ગદર્શનમાં HFRI એ સદવિચાર પરિવાર, અંધજન મંડળ, IIPHG ગાંધીનગર, વિચરતા સમુદાય, ઉત્થાન જેવી સંસ્થાઓને સહયોગ આપ્યો છે. ઉમંગ સ્કૂલ - Hearing Impaired Children, બી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ અને સનાતન રામધામ મંદિરના અન્નક્ષેત્રને પણ મદદ કરી છે. હાલમાં અમદાવાદમાં સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ દ્વારા ૧૦૦૦થી વધુ પ્રજ્ઞાચક્ષુ મહિલાઓ રહી શકે તેવું વિશાળ સંકુલ નિર્માણાધીન છે. આ સંકુલમાં શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગાર માટે તાલીમ અપાશે. HFRI આ માનવસેવાના પ્રકલ્પ સાથે સક્રિય રીતે જોડાયેલું છે. ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ડો. શાહે નવી પહેલ જાહેર કરી. તેમણે કહ્યું કે જો NGO શહેરોમાં કામ કરે તો હવે ગામડા અને નાના શહેરોમાં જઈને પર્યાવરણ, રોજગાર સર્જન, મહિલા ઉત્થાન અને નારી શક્તિ માટે કામ કરવું છે. HFRI દ્વારા બાલાસિનોરના આદિવાસી વિસ્તારની બાળકોની સ્કૂલને દત્તક લઈ તેને અત્યાધુનિક બનાવવાનો સંકલ્પ કર્યો છે. અંબાજી અને દાતા વિસ્તારની ૨ સ્કૂલોમાં આધુનિક ડિજિટલ સુવિધા સાથેના ક્લાસરૂમ પણ બનાવ્યા છે. આગામી સમયમાં ગામડામાં અંતિમધામ - સ્મશાનનું નવનિર્માણ અને એક આધુનિક NGO સેન્ટર બનાવવાનું આયોજન છે. ૫૦ વર્ષમાં ડો. શાહને આરોગ્ય સેવા, સમાજસેવા અને માનવસેવા બદલ ૭૫૮ થી વધુ સન્માન મળ્યા છે.

રાજ્ય ગૌરવવંતા ગુજરાતી એવોર્ડ ૨૦૧૯, રાજ્યપાલ ઓ.પી. કોહલીનો પ્રશંસાપત્ર ૨૦૧૯, કોવિડ-૧૯ દરમિયાન સેવા બદલ સન્માન. રાષ્ટ્રીય સ્તર AIAAROCON એવોર્ડ ૨૦૧૪, Genius Award - Top Wrold Recrod Holders 2014. આંતરરાષ્ટ્રીય સ્તર Wrold Peace Rally ૨૦૧૯ સન્માન.

તાજેતરમાં ૧૦ ઓગસ્ટ ૨૦૨૬ના ગુજરાત દિવસે તેમને "ગુજરાત વિકાસ અસ્મિતા એવોર્ડ"થી બિરદાવવામાં આવ્યા. ડો. શાહની નિ:સ્વાર્થ સેવા સમાજ માટે પ્રેરણા બની છે.

HFRI હવે શહેરની સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ આરોગ્ય અને શિક્ષણના પ્રોજેક્ટ વિસ્તારશે. સંસ્થાનો લક્ષ્ય વધુ લોકો સુધી સેવા પહોંચાડવાનો છે.

# રેપીડો બાઈક આડે કૂતરું ઉતરતા શિક્ષિકા રોડ પર પટકાયા, પાછળ આવતાં ટેન્કર તળે કચડાતા મોત

## શીતલ પાર્ક નજીકનો બનાવ : ૨૮ વર્ષીય પ્રિયંકાબેન દોશી સ્કૂલથી ઘરે પરત ફરતાં હતાં ત્યારે ઘટના ઘટી: બે વર્ષનો પુત્ર માતા વિહોણો થતાં પરિવારમાં કાળો કલ્પાંત : ટેન્કર ચાલક સામે ગુનો નોંધાયો



રાજકોટ:૧૫૦ ફૂટ રીંગ રોડ પર શીતલ પાર્ક નજીક રેપીડો બાઈકમાં કૂતરું ભટકાતા સ્લિપ થવાથી પાછળ બેસેલા શિક્ષિકા રોડ પર પટકાયા હતાં. જે દરમિયાન પાછળથી આવતું ટેન્કરનું તોતિંગ વ્હીલ માથે ફરી વળતા તેઓનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. બનાવની જાણ થતા પોલીસ દોડી ગઈ હતી. બનાવથી ટ્રાફિકજામ પણ થયો હતો. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

બનાવની વિગત મુજબ ૧૫૦ ફૂટ રોડ પર એચસીજી હોસ્પિટલ પાછળ આવેલા રવિક્રિષ્ના હાઈટ્સમાં રહેતી અને નચિકેતા સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતી પ્રિયંકાબેન યોગેશભાઈ દોશી (ઉ.વ.૨૮) ગઈકાલે બપોરે અઢી વાગ્યાના અરસામાં સ્કૂલેથી ઘરે જવા માટે રેપીડો બુક કરી હતી. દરમિયાન આવેલ રેપીડોના બાઈકમાં બેસી ઘરે જવા નીકળી હતી.

ત્યારે શીતલ પાર્ક પાસે આર.કે.હાઈટ્સના ખૂણે રેપીડો બાઈકને આડે કૂતરું ભટકતા ચાલકે કાબુ ગુમાવી દેતા બાઈક સ્લીપ થયું હતું. જેમાં પાછળ બેસેલા પ્રિયંકાબેન રોડ પર પટકાયા હતા.ત્યારે જ ત્યાથી પસાર થતા જીજે-૦૩-બીડબલ્યુ-૮૧૭૨ નંબરનું પેટ્રોલનું ટેન્કરનું વ્હીલ તેણીની ઉપર ફરી વળતા કચડાઈ જવાથી ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા.

અને ૧૦૮ અને પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પીએમ માટે સિવિલમાં ખસેડી જરૂરી કાર્યવાહી કરી હતી.વધુમાં મૃતકના પિતા યોગેશભાઈ મગનભાઈ દોશી (ઉ.વ.૬૧-રહે-એન્ટલાટીક હાઈટ્સ, રામાપીર ચોકડી)ની ફરિયાદ પરથી ટેન્કર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ હાથ ધરી છે. જ્યારે શિક્ષિકાના મોતથી બે વર્ષના બાળકે માતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# જુગારના દરોડામાં ચાર મહિલા સહિત ૨૦ ઝડપાયા, રૂ.૨૮ હજારથી વધુની મતા કબ્જે

રાજકોટ:શ્રાવણ માસની પૂર્વ સંધ્યાએ શહેર પોલીસની અલગ અલગ ટીમોએ વામ્બે આવાસ, અવધપાર્ક અને મહેશ્વરી પાર્કમાં દરોડા પાડી જુગાર રમતી ચાર મહિલા સહિત ૨૦ શખ્સોને ઝડપી લઈ રોકડ ૨૮૪૧૫ની મત્તા કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત મુજબ એલસીબી ઝીન-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે, કાલાવડ રોડ પર વામ્બે આવાસ ક્વાર્ટરમાં જુગાર ધામ ચાલી રહ્યું છે, જે બાતમીના આધારે એલસીબી ઝોન-૨ની ટીમે દરોડો પાડી જુગાર રમાડનાર ચંદ્રદીપ મહેશ મહાલીયા, ધર્મેન્દ્રધસ રાઘવદાસ સોલંકી (રાજે-વામ્બે આવાસ યોજના ક્વાર્ટર), વિમલ ભુપત ખેર (રહે-નવલનગર શેરી ન-૫), તુષાર રઘુનાથ મોરે (રહે-એસઆરપી કેમ્પ ગ્રુપ-૧૩), હેતલબા નરેન્દ્રસિંહ ઝાલા (રહે-પુનિતનગર વૃંદાવન સોસાયટી), ખમ્માબા મહાવીરસિંહ સરવૈયા (રહે-સતનામ સોસાયટી, પુનિતનગર રોડ), દિવ્યાબેન વિરલ સોંડાગર (રહે-સતનામ



સોસાયટી), નફીસાબેન મહેબૂબ અજમેરી (રહે-હુડકો ચોકડી પાસે વિનોદના ક્વાર્ટર)ને ઝડપી લઈ રોકડ ૧૬,૨૦૦ની મતા કબ્જ કરી હતી.

જા દરોડામાં બી ડિવિઝન પોલીસે મોરબી રોડ પર માહેશ્વરી પાર્કમાં રહેતા રાજેશ હરગોવિંદભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી તીનપતીનો જુગાર રમાડી રહ્યા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મકાન માલીક રાજેશ હરગોવિંદ પરમાર, અશોક મોહન પરેસા (રહે-સંત કબીર રોડ શક્તિ સોસાયટી શેરી નં-૯), ધર્મેશ ચતુર હિરાણી (રહે-કુવાડવા રોડ, અંબિકા પાર્ક શેરી નં-૧), અશોકલ ભીખા પરમાર (રહે-પેડક રોડ, આર્યનગર), વેલજી હધુ ચૌહાણ (રહે-રત્નદીપ સોસાયટી, પેડક રોડ), નવીન વીરા પરમાર (રહે-તિરુપતિ સોસાયટી, ગ્રીનલેન્ડ ચોકડી) તમામને ઝડપી લઇ રોકડ ૧૧૨૦૫ની મત્તા કબ્જે કરી હતી.

ત્રીજા દરોડામાં પ્ર. નગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, રેલનગરમાં અવધપાર્કમાં આવેલા મકાનમાં રહેતો સુનિલ નાથાભાઈ ટીમાણીયા પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડી રહ્યો છે, જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી મકાન માલીક સુનિલ નાથા ટીમાણીયા, દિનેશ જેઠા પરમાર (રહે-રૈયાધાર), બાબુ દેવજી પરમાર (રહે.ધરમનગર ક્વાર્ટર, બાલાજી હોલ પાસે), દેવજી વાઘજી ચૌહાણ (રહે-અવધ પાર્ક શેરી નં-૫), કાંતિ દાના જાદવ (રહે-રૈયાધાર), પ્રવિણ ભીમજી વેડવા (રહે-રૈયાધાર)ને ઝડપી લઇ રોકડ રૂ. ૧૧૦૧૦ ની મત્તા કબ્જે કરી હતી.

# સ્વાતંત્ર્ય દિવસ નીમિતે હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા પૂર્વ સંસદસભ્ય (રાજ્યસભા) રામભાઈ મોકરીયા



રાજકોટ:રાષ્ટ્રની આન, બાન અને શાન સમાન તિરંગાને નમન.૧૫મી ઓગસ્ટ આપણા દેશના ઈતિહાસનો અત્યંત ગૌરવપૂર્ણ અને પવિત્ર દિવસ છે. વર્ષોસુધીની ગુલામીમાંથી ભારતને આઝાદી અપાવવા માટે અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓએ પોતાના જીવનનું બલિદાન આપ્યું, અનેક લોકોએ જેલવાસ સહન કર્યો અને પોતાના પરિવાર, સુખ-સુવિધા તથા જીવનની પણ પરવા કર્યા વિના રાષ્ટ્રની આઝાદી માટે સંઘર્ષ કર્યો. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચંદ્ર બોઝ સહિતના અનેક મહાન સપૂતોના સંઘર્ષ અને લાખો અજાણ્યા શહીદોના બલિદાનને આજે આપણે શ્રદ્ધાપૂર્વક યાદ કરીએ છીએ.

આઝાદી માત્ર આપણો અધિકાર નથી, પરંતુ આપણા માટે એક મહાન જવાબદારી પણ છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવી, બંધારણ અને લોકશાહીના મૂલ્યોનું સન્માન કરવું, સમાજમાં ભાઈચારો અને સૌહાર્દ જાળવવું તથા દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું એ દરેક નાગરિકની ફરજ છે.

આજે ભારત વિશ્વના મંચ પર એક શક્તિશાળી અને આત્મવિશ્વાસથી ભરપૂર રાષ્ટ્ર તરીકે આગળ વધી રહ્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીથી લઈને શિક્ષણ, કૃષિ, ઉદ્યોગ, સંરક્ષણ, રમતગમત અને અંતરિક્ષ ક્ષેત્ર સુધી ભારત સતત નવી સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે. આ વિકાસયાત્રામાં આપણા યુવાનો, ખેડૂતો, શ્રમિકો, મહિલાઓ, ઉદ્યોગસાહસિકો, સૈનિકો અને દેશના દરેક નાગરિકનું મહત્વપૂર્ણ યોગદાન છે.

કચ્છની ધરતીનું દેશના વિકાસમાં વિશેષ સ્થાન છે. સરહદી વિસ્તાર તરીકે કચ્છના જવાનો અને નાગરિકો દેશની સુરક્ષા અને વિકાસ માટે જે યોગદાન આપે છે તે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

# રાજકોટ જીલ્લામાં ૧૩૯ એનીમી પ્રોપર્ટીમાંથી ૫૪ હિજરતી મિલકતો

રાજકોટ:

રાજકોટ જીલ્લામાં ૧૩૯ એનીમી પ્રોપર્ટીમાંથી ૫૪ હિજરતી મિલકતો હોવાનું જાહેર થયું છે. આ અંગે જિલ્લા કલેકટર તંત્ર દ્વારા મુંબઈની કસ્ટોડીયન ઓફ ઈન્ડીયાની કચેરીને દરખાસ્ત કરવામાં આવનાર છે.

૧૯૬૫ ના યુદ્ધ અને ભારત-પાકિસ્તાનનાં બાદ ગુજરાત સહીત દેશભરમાંથી અનેક લોકો ભારત છોડી દુશ્મન દેશ પાકિસ્તાનનાં નાગરીક બન્યા હતા આવા નાગરીકોની ભારતમાં રહેલી મિલકતોને એનીમી પ્રોપર્ટી તરીકે જાહેર કરવામાં આવી છે. આવી મિલકતોને કસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી હેઠળ આવરી લેવામાં આવી છે.રાજકોટ જીલ્લામાં આવેલી આવી ૧૩૯ જેટલી એનીમી પ્રોપર્ટીનો તાજેતરમાં કસ્ટોડીયન ઓફ ઈન્ડીયા મુંબઈની કચેરીની ટીમે પડાવ નાંખી રાજકોટ જીલ્લા જમીન દફતર અને સીટી સર્વે સુપ્રિન્ટેન્ડ કચેરીનાં સર્વેયરો સાથે સર્વે કરી તેની વેલ્યુએશનનુ આંકલન કર્યું હતું.



રાજકોટ જીલ્લામાં ૧૩૯ એનીમી પ્રોપર્ટી કસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી હેઠળ મુકવામાં આવી હતી હવે આ એનીમી પ્રોપર્ટીમાંથી ૫૪ હીજરતી મિલકતો હોવાનું ખુલતા આ અંગે રાજકોટ કલેકટર તંત્ર દ્વારા મુંબઈની કસ્ટોડીયન ઓફ ઈન્ડીયાની કચેરીને દરખાસ્ત મોકલવામાં આવનાર હોવાનું કલેકટર કચેરીનાં સુત્રોએ જણાવ્યું હતું.

કલેકટર કચેરીનાં સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લાની ૧૩૯ મીલકતો કસ્ટોડીયન ઓફ એનીમી પ્રોપર્ટી હસ્તક છે. જેની સર્વે કામગીરી અને વેલ્યુએશનનું આંકલન પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

જેમાં ૫૪ હિજરતી મિલકતો હોવાનું ખુલતા આ મિલકતોનો એનીમી પ્રોપર્ટીમાં સમાવેશ નહિં કરવા આ દરખાસ્ત કરવામાં આવનાર છે. અગાઉ જીલ્લામાં એનીમી પ્રોપર્ટીમાં સૌથી વધુ જેતપુરમાં ૪૪ ઉપલેટામાં ૧૨ પડધરીમાં ૪, ધોરાજીમાં ૩, ગોંડલમાં ૨ કોટડાસાંગાણીમાં ૧ જસદણમાં ૪, રાજકોટમાં ૨, પ્રોપર્ટી સહીત જીલ્લામાં આવી મિલકતોનો સર્વે કરવામાં આવેલ હતો આ મિલકતોમાં ખેતીની જમીનો અને રહેણાંકનાં મકાનો હોવાનું ખુલ્યું હતું.

# લોધીકાના નિવૃત નાયબ મામલતદારને ચેક રિટર્ન કેસમાં સજા



રાજકોટ:

લોધીકા નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવી હાલ નિવૃત થયેલા પારસ ભુપતરાય ત્રિવેદીએ મિત્રાતાના નાતે મહેશભાઈ બુધવાણી પાસેથી રૂા.૪ લાખ હાથ ઉછીના લીધેલ તે પેટે પારસ ત્રિવેદીએ આપેલ ચેક બેંકમાં નાખતા રિટર્ન થતા નોટીસ બાદ મહેશભાઈએ કોર્ટમાં ફરીયાદ નોંધાવેલ જે કેસ કોર્ટમાં ચાલી જતા સીનીયર સિવિલ જજ જે.એ. પટેલએ પારસ ત્રિવેદીને કસુરવાન ઠેરવી એક વર્ષની સાદી અને એકમાસમાં રકમ ચુકવવા હુકમ કર્યો હતો. આ કેસમાં ફરીયાદી તરફે અતુલકુમાર મહેતા, અભિષેક મહેતા રોકાયા હતા.

# લોકમેળા માટે ૧૫થી વધુ સ્થળો પર ફ્રી પાકીગની વ્યવસ્થા ગોઠવાશે

રાજકોટ :રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતી દ્વારા શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં



આયોજીત કરાયેલા જન્માષ્ટમીના લોકમેળા અંગે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેમાં આજથી મેળાના પ્લોટ-સ્ટોલની ડ્રો-હરાજી- બાદ બાકી રહેલા રમકડાના ૧૧ સ્ટોલની પણ ફાળવણી કરી દેવામાં આવી છે.

તેની સાથે જ બી કેટેગરીના રમકડાના તમામ સ્ટોલની ફાળવણી પૂર્ણ થવા પામી છે. લોકમેળાની રંગતને માણવા પ્રતિવર્ષ લાખોની જનમેદની ઉમટી પડે છે જેને લક્ષમાં લઈ આ વખતે પણ ૧૫થી વધુ સ્થળો પર ફ્રી પાક'ગની વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે.

પાક'ગ સ્થળો પર વાહનોની સુરક્ષા માટે સિકયુરીટી ગાર્ડ પણ તૈનાત કરવામાં આવનાર છે. લોકમેળામાં બાજ નજર રાખવા માટે ૧૪ વોચટાવર ઉભા કરવામાં આવનાર છે. અહી એ પણ ઉલ્લેખનીય છે કે લોકમેળામાં આ વખતે સૌ પ્રથમવાર આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) મારફતે મોનીટરીંગ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત લોકમેળામાં સ્વચ્છતા જળવાય રહે તે માટે રાઉન્ડ ધ કલોક સફાઈની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. મેળામાં લોકોને ગુણવતાયુકત ખાદ્ય પદાર્થ મળી રહે તે માટે ખાસ પગલા લેવામાં આવનાર છે.

મુલાકાતીઓની સુરક્ષા, ફાયર સેફટી, કોરીડોર સહિતના મુદ્દે વિશેષ પગલા લેવામાં આવનાર છે. ખાણીપીણીના બાકી રહેલા સ્ટોલની પણ આગામી ટુંક સમયમાં જ ફાળવણી કરી દેવામાં આવનાર છે.

### સ્વાતંત્ર્ય પર્વે દેશપ્રેમની ગાથાનાં સંસ્મરણો

# ઐતિહાસિક ગોંડલની ધરા પરથી પ્રગટેલી દેશભક્તિ અને લોકકલ્યાણની અમર જ્યોત

## પ્રજા-કલ્યાણ ક્ષેત્રે ગોંડલના રાજવી સર ભગવતસિંહજીનું અનન્ય યોગદાન; દક્ષિણ આફ્રિકાની લડત વખતે મહાત્મા ગાંધીજીને રૂ. ૨૫ હજાર મોકલેલાં

રાજકોટ:

આજે વિકાસ ક્ષેત્રે ગુજરાત મોડેલ દેશમાં અગ્રેસર બની રહ્યું છે, પરંતુ આઝાદી પહેલાની વાત કરીએ તો, ગોંડલ રાજ્ય પ્રજા-કલ્યાણ ક્ષેત્રે દેશભરમાં અગ્રેસર રહ્યું હતું. ચાહે લોકહિત માટે અનુદાનની વાત હોય કે પછી, શિક્ષણ, સાહિત્ય, આરોગ્ય, માળખાકીય સુવિધાઓ કે પ્રજા-કલ્યાણનાં અન્ય કામો હોય... ગોંડલના રાજવી સર ભગવતસિંહજીની દેશભક્તિ, દૂરંદેશિતા અને પ્રજા-વાત્સલ્ય જાણીતા છે.

આ વર્ષે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની રાજકોટ જિલ્લાકક્ષાની ઉજવણી ગોંડલ સંગ્રામસિંહજી હાઈસ્કૂલ ખાતે થઈ રહી છે, ત્યારે આ અવસર ગોંડલના સમૃદ્ધ વારસા અને તેની દેશભક્તિની અમર ગાથાના પુનઃ સ્મરણનો બની રહ્યો છે.

ગોંડલ એ જાડેજા વંશનું પ્રથમ વર્ગનું રાજ્ય હતું. તેની સ્થાપના રાજકોટ રાજ્યના જાડેજા રાજવીના વંશજ કુંભાજી પહેલા (૧૬૫૮-૧૬૭૯) દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ તેમના પુત્ર સંગ્રામસિંહજીએ ગોંડલને પોતાની રાજધાની બનાવી. તેમના પૌત્ર ભા કુંભાજી (૧૭૫૩-૧૭૯૦) એ ગોંડલ અને ધોરાજીમાં મજબૂત કિલ્લાઓ બંધાવી, શક્તિશાળી સેનાની રચના કરી રાજ્યને સુરક્ષિત અને સમૃદ્ધ બનાવ્યું હતું. તે સમયે સૌરાષ્ટ્રના રાજકારણમાં જે ચાર મહાપુરુષોનો અજોડ પ્રભાવ હતો, તેમાં જૂનાગઢના દીવાન અમરજી, જામનગરના દીવાન મેરૂ ખવાસ, ભાવનગરના રાજવી વખતસિંહજી ગોહિલ અને ગોંડલના ભા કુંભાજી મુખ્ય હતા.

ભા કુંભાજી પછી બીજા આઠ રાજવી થઈ ગયા અને ગોંડલ રાજ્યમાં ૧૨ ક્રમાંક થઈ ગયેલા રાજવી ભગવતસિંહજી (૧૮૬૯-૧૯૪૪) ગોંડલ રાજ્યના પ્રજાવત્સલ રાજવી તરીકે જાણીતા છે.માત્ર ૪ વર્ષની ઉંમરે ગોંડલ રાજ્યના ગાદીવારસ બન્યા હતા. આથી ૧૫ વર્ષ રાજ્યમાં બ્રિટિશ વહીવટ રહ્યો હતો. સન ૧૮૮૪માં ભગવતસિંહજીએ રાજ્યનું શાસન પોતાના હાથમાં લીધું અને સતત ૬૦ વર્ષ સુધી (૧૯૪૪ સુધી) એક આદર્શ અને પ્રગતિશીલ શાસક તરીકે સેવા આપી અને ગોંડલ



રાજ્યનું આધુનિકીકરણ કર્યું. તેઓ પોતાને રાજ્યના 'ટ્રસ્ટી' માનતા હતા. તેમના શાસનની કેટલીક અભૂતપૂર્વ સિદ્ધિઓ ગોંડલને વિશ્વભરમાં અનન્ય ઓળખ અપાવે છે.

મહારાજાએ ''ગોંડલ સૌથી પ્રથમ''નું સૂત્ર આપીને લોક-કલ્યાણ ક્ષેત્રે ઉદાહરણરૂપ કામગીરી કરી હતી.કેળવણી અને સ્ત્રી સશક્તિકરણ ક્ષેત્રે ગોંડલની કામગીરી અવ્વલ રહી છે. એ સમયે સમગ્ર ગુજરાતમાં ફરજિયાત કન્યા કેળવણી દાખલ કરનાર ગોંડલ પ્રથમ રાજ્ય હતું. તેમના શાસનમાં શિક્ષણનો ખર્ચ ૨૯ ગણો વધારવામાં આવ્યો હતો. ભાયાતોના બાળકો માટે ૧૮૯૫માં 'ગિરાસિયા કોલેજ' અને શિક્ષકો માટે 'અધ્યાપન મંદિર' શરૂ કરાયું હતું.

ગુજરાતી ભાષાનો અજોડ અને અવિસ્મરણીય શબ્દકોશ 'ભગવદ્ગોમંડલ', જેમાં ૨,૮૧,૩૭૯ શબ્દો સમાવિષ્ટ છે, તે રાજવી ભગવતસિંહજીની દીર્ઘદ્રષ્ટિનું જ પરિણામ છે.

૧૮૮૫માં જ ઈંગ્લેન્ડની એડિનબરો યુનિવર્સિટીમાંથી એમ.ડી.ની પદવી મેળવનાર આ રાજવીએ પ્રજાના આરોગ્ય માટે હોસ્પિટલો અને ૧૮૮૫માં હરતી-ફરતી ડિસ્પેન્સરી શરૂ કરી હતી. ઉપરાંત, ગોંડલમાં વીજળીની તાર ભૂગર્ભમાં (Underground) નાખવામાં આવી હતી.

મહારાજા ભગવતસિંહજી ખેડૂતોને 'સોનાના ઝાડ' ગણાવતા અને કિસાન કલ્યાણ માટે હંમેશા તત્પર રહેતા. મહારાજાએ દુષ્કાળ સમયે ઘાસની વીડીઓ પશુઓ માટે ખુલ્લી મૂકી, ખેડૂતોનું મહેસૂલ માફ કર્યું અને અન્યાયી કરવેરા નાબૂદ કર્યા હતા.ગોંડલ માત્ર રાજ્યવહીવટમાં જ નહીં, પરંતુ રાષ્ટ્રીય ચેતનામાં પણ અગ્રેસર રહ્યું છે. દક્ષિણ આફ્રિકાની લડત સમયે મહારાજાએ ગાંધીજીને રૂ.૨૫,૦૦૦ મોકલ્યા હતા. રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતન માટે પણ ગોંડલ રાજ્ય દ્વારા આર્થિક ફાળો આપવામાં આવ્યો હતો.ગોંડલની ભૂમિ પર આ વર્ષે સંગ્રામસિંહજી હાઈસ્કૂલ ખાતે યોજાનારો ૮૦મા સ્વાતંત્ર્ય પર્વનો આ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ એક વિશેષ ગૌરવની ક્ષણ બની રહેશે.(માહિતીસંદર્ભ: રાજકોટ જિલ્લો: ગઈકાલ, આજ અને આવતીકાલ; રાજકોટ જિલ્લાનાં દેશી રાજ્યોના મહત્વના શાસકો, પ્રા.ડૉ. એસ.વી. જાની)

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY

SHRI CHIMANBHAI PATEL VIKAS BHAVAN, POST BOX NO.238, JAMNAGAR ROAD, RAJKOT.

## સ્વાતંત્ર્ય દિનની હાર્દિક શુભેચ્છાઓ

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) દ્વારા :-

- રિંગ રોડ (ફેઝ-૫) માલીયાસણથી બેડી ગામ સુધીના સૂચિત ૭૫.૦૦મી. રોડના અમલીકરણની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.
- મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૦ (વાજડીગઢ-વેજાગામ), ૮૧ (વેજાગામ) તથા ૮૨ (વેજાગામ) સરકારશ્રી દ્વારા તા.૧૭/૦૬/૨૦૨૬ના રોજ મંજુર કરાયેલ છે.
- સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૫૩ (ખોખડદળ), ૫૪ (ખોખડદળ), ૫૫ (ખોખડદળ), ૫૭ (ખોખડદળ) એમ કુલ ૪ સૂચિત નગર રચના યોજનાને અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ તા.૧૯/૦૬/૨૦૨૬ના રોજ પ્રસિધ્ધ કરાયેલ છે.
- સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૩૪(પાળ) તથા ૩૭(પાળ)નો ઇરાદો તા.૦૯/૦૩/૨૦૨૬ તથા યોજના નં.૪૪(પાળ-કંગશીયાળી) તથા ૩૯/૨ (બેડી)નો ઇરાદો તા.૨૭/૦૩/૨૦૨૬ તથા યોજના નં.૪૦/૨ (આણંદપર-સોખડા)નો ઇરાદો તા.૧૧/૦૭/૨૦૨૬ના રોજ જાહેર કરાયેલ છે.
- રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળના પ્રોજેકટ મેનેજમેન્ટ શાખા અંતર્ગત આંતર માળખાકીય સુવિધા જેવી કે, રોડ-બ્રીજ, ભુગર્ભ ગટર, પાણી પુરવઠા અને સ્ટ્રીટલાઇટના કુલ કામો મળી રકમ રૂ.૭.૯૪ કરોડના કામો પુર્ણ કરેલ છે તેમજ કુલ રૂ.૩૪૧.૦૦ કરોડના કામો પ્રગતિ હેઠળ છે.
- પી.એમ.એ.વાય. ૨.૦ અંતર્ગત બેનીફિશરી લીડ કન્સ્ટ્રકશન (બી.એલ.સી) યોજના હેઠળ રૂડા વિસ્તારમાં સમાવિષ્ટ કુલ ૪૮ (અડતાલીસ) ગામોમાં કુલ ૫૪૨ આવાસો કુલ રૂ.૨૧૬૮.૦૦ લાખના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે. જે માંથી ૬૯ આવાસો પુર્ણ થયેલ છે, જ્યારે ૨૯૬ આવાસો હાલ પ્રગતિ હેઠળ છે.

Sd/-
પી. પી. પટેલ (GAS)
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

Sd/-
તુષાર ડી. સુમેરા (IAS)
અધ્યક્ષ
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

Phone : 0281-2440810, 2476874, 2476799 Fax : 0281-2450523 E-mail : info@rajkotuda.com Website : www.rajkotuda.com

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1 / 6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## મોંઘી સારવાર સામે સરકારનો કોમન ઇન્સ્યોરન્સ પ્લાન

ભારતમાં આજે જો કોઈ સામાન્ય પરિવારને સૌથી મોટો ભય હોય તો તે ગંભીર બીમારીનો છે. બીમારી માત્ર શરીરને નથી તોડતી, તે આખા પરિવારની આર્થિક કમર પણ તોડી નાખે છે. તાજેતરના આંકડા ચોંકાવનારા છે. દેશમાં સ્વાસ્થ્ય સેવાઓ પાછળ થતો ખર્ચ દર વર્ષે ૧૨% થી ૧૪% ની ઝડપે વધી રહ્યો છે. આ મોંઘવારી દર એશિયામાં સૌથી વધુ છે. સામાન્ય ફુગાવો ૫-૬% હોય ત્યારે તબીબી ખર્ચનો ફુગાવો તેના કરતા બમણો છે. આ સ્થિતિમાં ભારત સરકાર હવે સ્વાસ્થ્ય વીમા ક્ષેત્રે મોટા સુધારાની તૈયારી કરી રહી છે, જેનું નામ છે 'કોમન ઇન્શ્યોરન્સ પ્લાન'.સરકારનો કોમન ઈન્સ્યુરન્સ પ્લાન સામાન્ય માણસ માટે સુરક્ષાનું નવું કવચ પુરવાર થશે આજના સમયમાં જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું છે. અકસ્માત, બીમારી, કુદરતી આફત, આગ કે અન્ય અણધારી ઘટનાઓ એક સામાન્ય પરિવારની વર્ષોની બચતને થોડા સમયમાં ખતમ કરી શકે છે. આવી સ્થિતિમાં વીમો આર્થિક સુરક્ષાનું મહત્વનું સાધન બને છે. પરંતુ ભારતમાં આજે પણ મોટી સંખ્યામાં લોકો પૂરતો વીમો ધરાવતા નથી. ખાસ કરીને ગરીબ, મધ્યમવર્ગીય અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા લોકો માટે અલગ-અલગ પ્રકારના વીમા ખરીદવા અને તેની શરતો સમજવી મુશ્કેલ બને છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને સરકાર તરફથી કોમન ઈન્સ્યુરન્સ પ્લાન જેવી વ્યવસ્થાની ચર્ચા મહત્વપૂર્ણ બની શકે છે.કોમન ઈન્સ્યુરન્સ પ્લાનનો સરળ અર્થ એવો થાય કે સામાન્ય નાગરિકોને એક સરળ, પ્રમાણભૂત અને સસ્તા વીમા માળખા હેઠળ જરૂરી મૂળભૂત સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવે. તેમાં વ્યક્તિગત અકસ્માત, જીવન, આરોગ્ય અથવા અન્ય જરૂરી જોખમો માટે એક સંકલિત કવર આપવાની કલ્પના હોઈ શકે. તેનો મુખ્ય હેતુ વીમાને માત્ર મધ્યમ કે ઉચ્ચ આવક ધરાવતા લોકો સુધી સીમિત ન રાખીને સમાજના મોટા વર્ગ સુધી પહોંચાડવાનો છે.આવી યોજનામાં સૌથી મોટો લાભ સરળતા અને પારદર્શિતાનો થઈ શકે. હાલમાં અલગ-અલગ કંપનીઓની પોલિસીમાં પ્રીમિયમ, કવરેજ, શરતો અને ક્લેમની પ્રક્રિયા જુદી હોય છે. સામાન્ય વ્યક્તિ માટે યોગ્ય પોલિસી પસંદ કરવી મુશ્કેલ બને છે. જો સરકાર દ્વારા એક પ્રમાણભૂત માળખું નક્કી કરવામાં આવે તો ગ્રાહક માટે તેની સરખામણી અને સમજણ સરળ બની શકે.કોમન ઈન્સ્યુરન્સનો બીજો મહત્વનો ફાયદો ઓછા ખર્ચે વધુ લોકો સુધી સુરક્ષા પહોંચાડવાનો છે. મોટા પાયે લોકો જોડાય તો વીમા વ્યવસ્થામાં જોખમનું વિતરણ વધુ વ્યાપક બની શકે છે. ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પોલિસી, પ્રીમિયમ અને ક્લેમની પ્રક્રિયા પણ સરળ બનાવી શકાય.પરંતુ આવી યોજનાની સફળતા માટે કેટલીક બાબતો અત્યંત જરૂરી છે. સરકાર અને વીમા કંપનીઓએ ક્લેમ સેટલમેન્ટમાં ઝડપ, સ્પષ્ટ નિયમો, છેતરપિંડી સામે સુરક્ષા અને ગ્રાહક ફરિયાદોના ઝડપી નિવારણ પર ભાર મૂકવો પડશે. માત્ર યોજના જાહેર કરવાથી નહીં, પરંતુ તેનો લાભ ખરેખર જરૂરિયાતમંદ સુધી પહોંચે ત્યારે જ તે સફળ ગણાશે.આ રીતે કોમન ઈન્સ્યુરન્સ પ્લાન ભારતના વીમા ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સામાજિક સુરક્ષા માળખું બની શકે છે. તેનો મૂળ વિચાર એકદમ સ્પષ્ટ છેલવીમો માત્ર રોકાણ કે કાગળની પોલિસી નહીં, પરંતુ અણધારી આર્થિક મુશ્કેલી સામે દરેક પરિવાર માટે સુરક્ષાનું કવચ બને.આપણે આંકડાને સમજીએ તો ચિત્ર વધુ સ્પષ્ટ થાય છે.

# ક્રિકેટ સ્ટેડિયમ નહીં પણ કેમલનું બેઝ કેમ્પ બન્યું જવાહર મેદાન...



**ફ્રાઈડે ફોટો સ્ટોરી** - જયદીપ એ. દવે.

ભાવનગરના જવાહર મેદાનમાં ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાની સરકાર દ્વારા આપવામાં આવેલી ચોકલેટતો આપણે હવે ચગળીને થૂંકી પણ નાખી છે. પણ હાલ તો આ મેદાન શેરી ક્રિકેટરોથી લઈ કબૂતરોનું અને હવે કેમલ (ઊંટો)નું બેઝ કેમ્પ બની ગયું છે. હાલમાં આ મેદાનમાં બંજારા સમૂહના કામચલાઉ વસવાટ (જે કદાચ હવે કાયમી બની જશ)ના પગલે અસંખ્ય ઊંટો આશ્રય લઈ રહ્યા છે. જેના પગલે આ પ્રાણીની દિનચર્યા અને દેખાવ બાબત લોકો માં જોણું થયું છે. ક્યારેક અન્ય પ્રજાતિના પ્રાણી સાથે સંપીને સહ ભોજન કરતા ઊંટો તો ક્યારેક આકાશમાં વાદળોનું નિરીક્ષણ કરી વરસાદનો તાગ મેળવતા ઊંટો લોકોમાં કુતૂહલ ઉભી કરે છે.

# ક્ષમા : જીવનને હળવું અને પવિત્ર બનાવવાની કળા

આજની આ દોડધામભરી અને અપેક્ષાઓથી ભરેલી જિંદગીમાં આપણે ઘણીવાર નાની-નાની બાબતોમાં મન દુ:ખી કરી બેસીએ છીએ. કોઈકનો વ્યવહાર, કોઈની કડવાશ કે ભૂતકાળમાં બનેલી ઘટનાઓ આપણા હૃદયમાં એક મોટો ભાર બનીને રહી જાય છે. આ માનસિક ભારમાંથી મુક્ત થવાનો અને જીવનને ખરા અર્થમાં જીવવાનો એકમાત્ર માર્ગ છે- 'ક્ષમા'.

ક્ષમા એ નબળાઈ નથી, તાકાત છે : આપણા સમાજમાં ઘણીવાર એવી ગેરસમજ હોય છે કે ક્ષમા આપવી એ નબળા માણસનું લક્ષણ છે. પરંતુ હકીકતમાં,ક્ષમા એ અંદરની સૌથી મોટી તાકાત છે. જે વ્યક્તિ માફ કરી શકે છે, તે જ પોતાના મનનો ભાર હળવો કરી શકે છે. શાસ્ત્રોમાં ક્ષમાને સર્વોત્તમ ગુણ ગણાવવામાં આવ્યો છે.

'ક્ષમા વશીકૃતિલોકે,
ક્ષમયા કિં ન સાધ્યતે ।
શાંતિખડ્ગઃ કરે યસ્ય,
કુરુતે કિમુ દુર્જનઃ ।।'

અર્થ : આ સંસારમાં ક્ષમા એ સૌથી મોટું વશીકરણ છે. ક્ષમાથી શું નથી સિદ્ધ થઈ શકતું ? જેના હાથમાં શાંતિ રૂપી તલવાર છે, તેનું દુર્જન પણ શું બગાડી શકે?

ક્ષમા અને માનસિક શાંતિ : જ્યારે આપણે કોઈની ભૂલ કે અપમાનને મનમાં પકડી રાખીએ છીએ, ત્યારે આપણે અજાણતા જ ખુદને સજા આપી રહ્યા હોઈએ છીએ. ક્રોધ અને અદાવતની આગ સૌથી પહેલાં આપણી પોતાની જ આંતરિક શાંતિને બાળી નાખે છે. મહાન સંતો અને ધર્મશાસ્ત્રો શીખવે છે કે બીજાને ક્ષમા આપવી એ કોઈ બીજા પર ઉપકાર નથી, પણ આપણા પોતાના આત્માની મુક્તિ માટેનું સૌથી મોટું દાન છે.

કરુણા સાથેનો સંબંધ : ક્ષમા ત્યારે જ સાચી બને જ્યારે તેની સાથે 'કરુણા' જોડાયેલી હોય. જ્યારે આપણે સામેવાળાની મનોસ્થિતિ અને તેની મર્યાદાઓને સમજીને તેને ક્ષમા આપીએ છીએ, ત્યારે આપણું હૃદય વધુ વિશાળ અને પવિત્ર બને છે ક્ષમા એ માત્ર સંબંધ સુધારવાનું સાધન નથી, પણ તે અહંકારને ઓગાળવાની શ્રેષ્ઠ પ્રક્રિયા છે.

**વિશેષ**

વંદના ગોસ્વામી

પાર્વતીને સમજાઈ ગયું કે શિવ ઘરમાં રહે તો સૃષ્ટિમાં ઉથલપાથલ થઈ જાય. આખી સૃષ્ટિ શિવનો પરિવાર છે. એટલે એમણે બધાનો ખ્યાલ રાખવો પડે ક્યા રેક જગતના માતા પણ મુંજવણમાં મુકાઈ જતા હોય છે. ક્યારેક આંખ આગળ ધુમ્મસ છવાઈ જાય ત્યારે આગળનું દેખાતું બંધ થઈ જાય છે. એ માટે તડકો નીકળે એની રાહ જોવાની હોય છે. પાર્વતીમાતા સાથે પણ એકવાર એવું બનેલું.

એકવાર નારદ એમની ટેવ મુજબ અચાનક આવી ચડયા. પાર્વતી ઉદાસ બેઠા હતા. એમને પ્રસન્ન કરવા દેવલોકની હલકીફૂલકી વાતો કહેવા લાગ્યા. નારદજી એ રીતે જગતના પ્રથમ પત્રકાર હતા. પાર્વતી તો ય ઉદાસ જ રહ્યા. એથી ઉદાસીનું કારણ પૂછયું તો પાર્વતીએ કહ્યું કે 'શિવ જગતનું ધ્યાન રાખવામાં પરિવારમાં સમય આપતા જ નથી. મારી ફરિયાદને દૂર કરવા એક કાર્તિકેયને જન્મ આપ્યો. મારો સમય એમાં વીતવા લાગ્યો પણ થોડાં સમયમાં કાર્તિકેય મોટો થયો એટલે શિવે એને પણ જગતકલ્યાણના કાર્યોમાં રોકી લીધો.

# શિવસેનાના ભવ્ય ભૂતકાળની અગ્નિપરીક્ષા

**મહારાષ્ટ્રએ ભારતના રાજકારણનું એક સૌથી મહત્વનું કેન્દ્ર છે. અહીંની રાજનીતિ હંમેશા વિચારધારા, પ્રાદેશિક અસ્મિતા, સામાજિક ન્યાય અને નેતૃત્વના વ્યક્તિત્વની આસપાસ ફરતી રહી છે. વર્તમાન સમયમાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલો શિવસેનાના નામ અને ધનુષ-બાણ ચિહ્નનો વિવાદ એ માત્ર એક પક્ષના પ્રતીકનો પ્રશ્ન નથી, પરંતુ તે મહારાષ્ટ્રના રાજકીય ઇતિહાસમાં આવેલા ઊંડા પરિવર્તનને સમજવાનો અવસર પણ છે**

**આસપાસ ચોપાસ** - સુરેશ ભટ્ટ

મહારાષ્ટ્રના રાજકીય ઈતિહાસની રૂપરેખા અનોખી રહી છે.સ્વતંત્રતા પછીના શરૂઆતના દાયકામાં મહારાષ્ટ્ર બોમ્બે રાજ્યનો ભાગ હતો. સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલન પછી પહેલી મે ૧૯૬૦ ના રોજ મહારાષ્ટ્ર રાજ્યની સ્થાપના થઈ. શરૂઆતના વર્ષોમાં કોંગ્રેસ પક્ષનું વર્ચસ્વ હતું. યશવંતરાવ ચવ્હાણ, વસંતરાવ નાઈક, વસંતદાદા પાટીલ જેવા નેતાઓએ ગ્રામીણ, સહકારી અને મરાઠા સમાજને કેન્દ્રમાં રાખીને રાજકારણને આકાર આપ્યો. શિક્ષણ સંસ્થાઓ, ખાંડના કારખાના અને સહકારી બેંકો દ્વારા કોંગ્રેસે સામાજિક પાયો મજબૂત કર્યો.

સિત્તેરના દાયકામાં આ વર્ચસ્વને પડકાર મળવા લાગ્યો. દલિત પેન્થર, સમાજવાદી ચળવળ અને કામદાર આંદોલનોએ નવા પ્રશ્નો ઉભા કર્યા. આ જ સમયે મુંબઈમાં સ્થાનિક મરાઠી માણસના રોજગાર અને અસ્મિતાના મુદ્દાએ જોર પકડ્યું. આ સમયે રાજકારણમાં જાતિ આધારિત સમીકરણો પણ વધુ સ્પષ્ટ થયા. મરાઠા, ઓબીસી, દલિત અને મુસ્લિમ મતોનું ગણિત મહત્વનું બન્યું.

નેવુંના દાયકામાં મહારાષ્ટ્રના રાજકારણમાં મોટું પરિવર્તન આવ્યું. ભાજપ અને શિવસેનાની યુતિએ હિંદુત્વ અને પ્રાદેશિક અસ્મિતાના સમન્વયથી કોંગ્રેસને સત્તામાંથી દૂર કરી. ૧૯૯૫ માં પહેલી વખત શિવસેના-ભાજપની સરકાર બની. ત્યાર પછીના સમયમાં ગઠબંધનનું રાજકારણ સ્થિર થયું. એક તરફ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનું આઘાડી ગઠબંધન અને બીજી તરફ શિવસેના અને ભાજપનું યુતિ ગઠબંધન એમ બે ધ્રુવીય રાજકારણ બન્યું.

૨૦૧૪ પછી ભાજપ રાજ્યમાં સૌથી મોટો પક્ષ બન્યો, પરંતુ શિવસેના સાથેની તેની સ્પર્ધા પણ વધી. ૨૦૧૯ ની વિધાનસભા ચૂંટણી પછી મુખ્યમંત્રી પદના મુદ્દે બંને પક્ષો છૂટા પડ્યા અને મહારાષ્ટ્રમાં એક નવો રાજકીય પ્રયોગ જોવા મળ્યો. શિવસેના, કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસે સાથે મળીને મહાવિકાસ આઘાડી સરકાર બનાવી, જે વૈચારિક રીતે અલગ પક્ષોનું અભૂતપૂર્વ ગઠબંધન હતું. આ ઘટનાએ મહારાષ્ટ્રના રાજકારણમાં વિચારધારાથી વધુ સત્તાના વ્યવહારુ ગણિતને મહત્વ આપ્યું.

શિવસેનાનો ભવ્ય ભૂતકાળ અને ઉત્થાન નો પણ અલગ ઈતિહાસ છે.શિવસેનાની સ્થાપના ૧૯ જૂન ૧૯૬૬ ના રોજ બાળાસાહેબ ઠાકરે દ્વારા કરવામાં આવી હતી. બાળાસાહેબ એક પ્રખર કાર્ટૂનિસ્ટ અને વક્તા હતા. શરૂઆતમાં સંસ્થાનો મુખ્ય મુદ્દો મુંબઈમાં મરાઠી માણસને ન્યાય અપાવવાનો હતો. તે સમયે મુંબઈમાં દક્ષિણ ભારતીય લોકો નોકરીઓમાં વધુ દેખાતા હતા, તેથી ભૂમિપુત્રના હક માટે અવાજ ઉઠાવવામાં આવ્યો. મરાઠી અસ્મિતા અને શિવાજી મહારાજના ગૌરવને કેન્દ્રમાં રાખીને શિવસેનાએ સામાન્ય મરાઠી યુવાનને જોડ્યો.

શિવસેનાની કાર્યપદ્ધતિ શરૂઆતથી જ આક્રમક અને જમીની સ્તરની રહી. શાખા પ્રણાલી એ તેની સૌથી મોટી તાકાત બની. દરેક ગલી અને મહોલ્લામાં શાખા દ્વારા લોકોના નાના મોટા પ્રશ્નો ઉકેલવામાં આવતા હતા. આ કારણે શિવસેના માત્ર એક રાજકીય પક્ષ ન રહેતા એક સામાજિક સંગઠન જેવી બની ગઈ. બાળાસાહેબની ભાષા સીધી, આકરી અને લોકોના દિલને સ્પર્શે તેવી હતી, તેથી તેમની સભાઓમાં લાખો લોકો આવતા હતા.

અસીના દાયકામાં શિવસેનાએ મરાઠી અસ્મિતાના મુદ્દા સાથે હિંદુત્વના વિચારને પણ જોડ્યો. રામ જન્મભૂમિ આંદોલન દરમિયાન બાળાસાહેબે ખુલ્લેઆમ હિંદુત્વનું સમર્થન કર્યું. આ પછી શિવસેના મહારાષ્ટ્રની બહાર પણ ચર્ચામાં આવી. તે એક પ્રાદેશિક પક્ષમાંથી રાષ્ટ્રીય વિચારધારા ધરાવતા પક્ષ તરીકે ઓળખાવા લાગી. ભાજપ સાથેની તેની મૈત્રી પણ આ જ સમયે વધુ ગાઢ બની.

શિવસેનાની સત્તાની સફર પણ ગૌરવપૂર્ણ રહી છે. મુંબઈ મહાનગરપાલિકા પર સતત ૨૫ વર્ષથી વધુ સમય સુધી શાસન કરવું એ તેની સંગઠન શક્તિનો પુરાવો છે. ૧૯૯૫ માં મનોહર જોશીના નેતૃત્વમાં શિવસેનાનો પહેલો મુખ્યમંત્રી બન્યો. ત્યારબાદ નારાયણ રાણે પણ મુખ્યમંત્રી બન્યા. કેન્દ્રમાં પણ શિવસેનાના સાંસદો અને મંત્રીઓએ મહત્વની ભૂમિકા ભજવી છે. પક્ષનું ચૂંટણી ચિહ્ન ધનુષ-બાણ અને વાઘની છબી લોકોના મનમાં ઊંડી છાપ ધરાવે છે.

૨૦૨૨ માં શિવસેનામાં મોટું વિભાજન થયું. એકનાથ શિંદે ના નેતૃત્વમાં ઘણા ધારાસભ્યોએ બળવો કર્યો. તેમની દલીલ હતી કે શિવસેના પોતાના મૂળ હિંદુત્વના વિચારથી દૂર જઈને કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ સાથે ગઠબંધન કરી રહી છે. આ વિભાજન માત્ર વિધાનસભા પક્ષ પૂરતું સીમિત ન રહ્યું, પરંતુ સંગઠન અને પક્ષના નિયંત્રણ સુધી પહોંચ્યું.

આ વિવાદ ચૂંટણી પંચ સમક્ષ ગયો. ચૂંટણી પંચે એકનાથ શિંદે જૂથને અસલી શિવસેના તરીકે માન્યતા આપી અને ધનુષ-બાણ ચિહ્ન પણ તેમને આપ્યું. ઉદ્ધવ ઠાકરે જૂથને શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે નામ અને નવું ચિહ્ન મશાલ આપવામાં આવ્યું. ઉદ્ધવ જૂથે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.




તમે આપેલી માહિતી પ્રમાણે સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી દરમિયાન ખૂબ જ મહત્વની ટિપ્પણી કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી પીઠે કહ્યું છે કે પહેલા એ નક્કી કરવું પડશે કે પાર્ટીમાં ખરેખર વિભાજન થયું હતું કે નહીં અને શું તે વિભાજન માત્ર વિધાયક દળ પૂરતું હતું કે સંગઠન સુધી પણ પહોંચ્યું હતું. આ પ્રશ્ન ખૂબ જ કેન્દ્રીય છે કારણ કે ભારતમાં પક્ષાંતર વિરોધી કાયદા અને ચૂંટણી ચિહ્નના કાયદા અલગ અલગ રીતે કામ કરે છે. જો વિભાજન માત્ર ધારાસભ્યોનું હોય તો તેને પક્ષનું વિભાજન ન કહી શકાય.

સુપ્રીમ કોર્ટ સમક્ષ હવે ચાર મુખ્ય પ્રશ્નો છે. પહેલો પ્રશ્ન એ છે કે વિભાજન થયું કે નહીં. બીજો પ્રશ્ન એ છે કે વિધાયક દળની ફૂટની અસર સંગઠન પર પડી કે નહીં. ત્રીજો પ્રશ્ન ઉદ્ધવ જૂથે ચૂંટણી પંચના નિર્ણય પર ઉઠાવેલા સવાલોને લગતો છે અને ચોથો પ્રશ્ન ધનુષ-બાણ ચિહ્ન પર સુનાવણી ચાલુ રાખવા અંગેનો છે.આ કેસનો ચુકાદો ભારતની લોકશાહી માટે દિશા નિર્દેશક બનશે. જો કોઈ પક્ષના ધારાસભ્યોની બહુમતી અલગ થઈ જાય તો શું તે આખા પક્ષ પર દાવો કરી શકે? ચૂંટણી પંચે કયા આધારે અસલી પક્ષ નક્કી કરવો જોઈએ? શું માત્ર વિધાનસભામાં સંખ્યાબળ જોવું જોઈએ કે પક્ષના બંધારણ, પ્રાથમિક સભ્યો અને સંગઠનાત્મક માળખાને પણ ધ્યાનમાં લેવું જોઈએ? આ બધા પ્રશ્નોના જવાબ આ સુનાવણીમાંથી મળશે.

મહારાષ્ટ્રના રાજકારણમાં શિવસેના હંમેશા એક ભાવનાત્મક અને વૈચારિક બળ રહી છે. બાળાસાહેબ ઠાકરેએ જે પક્ષને એક નાના ઓરડામાંથી શરૂ કર્યો હતો, તે પક્ષે મુંબઈથી દિલ્હી સુધી પોતાનો પ્રભાવ પાડ્યો. આજે તે જ પક્ષના નામ અને નિશાન માટે તેના જ બે જૂથો વચ્ચે સુપ્રીમ કોર્ટમાં લડાઈ ચાલી રહી છે, તે મહારાષ્ટ્રના રાજકીય ઈતિહાસનો એક દુઃખદ પરંતુ મહત્વનો વળાંક છે. વિદ્યાર્થી તરીકે આપણે આ ઘટનાને માત્ર સમાચાર તરીકે ન જોતા, પક્ષ પ્રણાલી, ચૂંટણી કાયદો અને લોકશાહીમાં સંગઠનના મહત્વના દ્રષ્ટિકોણથી સમજવી જોઈએ. સુપ્રીમ કોર્ટનો અંતિમ નિર્ણય ગમે તે આવે, પરંતુ શિવસેનાનો ભવ્ય ભૂતકાળ મહારાષ્ટ્રના ઈતિહાસમાં હંમેશા સુવર્ણ અક્ષરે લખાયેલો રહેશે.

# ગરદનની ગંભીર ઈજાના કારણે કારકિર્દીનો અંત, ડેની લેમ્બ ૩૦ વર્ષની ઉંમરે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે



નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર અને સસેક્સ ખેલાડી ડેની લેમ્બે ગરદનની ગંભીર ઈજાને કારણે માત્ર ૩૦ વર્ષની ઉંમરે વ્યાવસાયિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. આ સિઝનની શરૂઆતમાં, તેને ગરદનમાં ડિસ્ક હર્નીએશન થયું હતું, જેના કારણે તેની કરોડરજ્જુને પણ નુકસાન થયું હતું. ગયા મહિને તેની સર્જરી થઈ હતી, પરંતુ ઈજાની આડઅસરો યથાવત રહી. ડોકટરોની સલાહને અનુસરીને, લેમ્બે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો. લેમ્બની વ્યાવસાયિક કારકિર્દી એક દાયકાથી વધુ સમય સુધી ચાલી. આ સમય દરમિયાન, તેણે લેક્કેશાયર અને સસેક્સનું પ્રતિનિધિત્વ કર્યું, વિવિધ ફોર્મેટમાં ટીમમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

પોતાની નિવૃત્તિ અંગે, ડેની લેમ્બે કહ્યું કે ઈજાને કારણે તેની કારકિર્દીનો અંત લાવવો તેના માટે અત્યંત મુશ્કેલ હતો, પરંતુ તે તેના લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે યોગ્ય નિર્ણય હતો.

તેણે કહ્યું, "ઈજાને કારણે મારી કારકિર્દીનો અંત લાવવો અત્યંત મુશ્કેલ છે. તબીબી સલાહ લીધા પછી, હું જાણું છું કે આ મારા લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે યોગ્ય નિર્ણય છે. વ્યાવસાયિક ક્રિકેટમાં એક દાયકાથી વધુ સમય વિતાવવો એ સન્માનની વાત છે. લેક્કેશાયર અને સસેક્સનું પ્રતિનિધિત્વ કરવા બદલ હું ખૂબ જ આભારી છું."

લેમ્બે કહ્યું કે જ્યારે તે સૌથી પ્રતિભાશાળી ખેલાડીઓમાંનો એક ન હતો, ત્યારે તેણે હંમેશા ટીમને પોતાનું શ્રેષ્ઠ આપવા અને તેમની જીતમાં યોગદાન આપવાનો પ્રયાસ કર્યો.

લેક્કેશાયર માટે ૯૩ મેચ રમી ૨૦૨૩ માં સસેક્સ જતા પહેલા લેમ્બે લેક્કેશાયર માટે તમામ ફોર્મેટમાં ૯૩ મેચ રમી હતી.

તેણે પોતાની ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં આઠ વિકેટ અને બોલિંગ એવરેજ ૩૩.૧૩ રાખી છે.બેટ સાથે તેનો શ્રેષ્ઠ સ્કોર ૧૩૪ હતો. ગરદનની ઈજાએ તેની કારકિર્દીના છેલ્લા કેટલાક મહિનાઓને મુશ્કેલ બનાવી દીધા છે.તે જૂનની શરૂઆતથી સસેક્સ માટે રમ્યો નથી.લેમ્બે સસેક્સની તાજેતરની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ડિવિઝન વનમાં ટીમના પ્રમોશન અને ટી ૨૦ બ્લાસ્ટના ફાઈનલ ડે સુધી પહોંચવામાં ભાગ હતો. સસેક્સના મુખ્ય કોચ અને ક્રિકેટ ડિરેક્ટર પોલ ફારબ્રેસે પણ લેમ્બને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે ઈજાને કારણે કોઈપણ ખેલાડી રમત છોડી દે તે દુઃખદ છે.

# ટી૨૦ ક્રિકેટના વધતા પ્રભાવ સામે ટેસ્ટ-વનડે ક્રિકેટના ભવિષ્ય માટે આઈસીસીની કવાયત

નવીદિલ્હી,

ટી ૨૦ ક્રિકેટની શરૂઆત થયાને લગભગ બે દાયકા થઈ ગયા છે, અને તેની લોકપ્રિયતા વિશ્વભરમાં અનુભવાય છે. આ જ કારણ છે કે હાલમાં લગભગ દરેક મોટા ક્રિકેટ રમતા દેશમાં ફ્રેન્ચાઈઝ ટી ૨૦ લીગની સ્થાપના થઈ રહી છે. આની વનડે અને ટેસ્ટ ફોર્મેટ પર સૌથી વધુ પ્રતિકૂળ અસર પડી છે, કારણ કે ચાહકો તેમાં વધુ રસ દાખવી રહ્યા નથી.આઈસીસી હવે ટેસ્ટ અને વનડે ક્રિકેટના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ યોજનાઓ બનાવી રહ્યું છે, જેના કારણે આઈસીસીના સીઈઓ સંજોગ ગુપ્તાએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે, જેમાં તેમણે જણાવ્યું હતું કે અર્થહીન ટી ૨૦ શ્રેણીનું કોઈ ભવિષ્ય નથી અને તે ટૂંક સમયમાં જ બંધ થઈ જશે.

આઈસીસીના સીઈઓ સંજોગ ગુપ્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હેતુ અને સંદર્ભ વિના યોજાતી દ્વિપક્ષીય ક્રિકેટ શ્રેણીનો યુગ સમાપ્ત થવો જોઈએ. આ સંદર્ભમાં,વનડે ક્રિકેટ ફક્ત અસ્તિત્વ સુધી મર્યાદિત રહેશે નહીં પરંતુ ભવિષ્યમાં નોંધપાત્ર રીતે મજબૂત પણ બની શકે છે. ક્રિકેટના તમામ ફોર્મેટમાં,વનડેની સ્પષ્ટ અને મહત્વપૂર્ણ ભૂમિકા છે, ખાસ કરીને પુરુષો અને મહિલા આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ સાથે જોડાયેલી. સૂત્રો સૂચવે છે કે આઈસીસી આગામી વર્લ્ડ કપ પહેલા વનડે માટે એક અલગ વિન્ડો બનાવવાનું વિચારી રહી છે, જે ટેસ્ટ ફોર્મેટની જેમ જ છે, જેથી આ ફોર્મેટને વધારાનું મહત્વ મળે.

આઈસીસીના સીઈઓ સંજોગ ગુપ્તાએ તેમના નિવેદનમાં વધુમાં જણાવ્યું હતું કે ક્રિકેટે ટેનિસ વિમ્બલ્ડન અને ગોલ્ફના ધ માસ્ટર્સ જેવી પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાંથી શીખવું જોઈએ, જેણે પરિવર્તનના આ યુગમાં તેમની જૂની પરંપરાઓ જાળવી રાખી છે, ચાહકો હજુ પણ આ ટુર્નામેન્ટમાં રસ ધરાવે છે. હાલમાં, ટી ૨૦ ક્રિકેટ વૈશ્વિક સ્તરે ક્રિકેટને પ્રોત્સાહન આપવા માટે સૌથી અસરકારક માધ્યમ છે, પરંતુ આનો અર્થ એ નથી કે વનડે અને ટેસ્ટ ક્રિકેટના વિકાસને અવગણવો જોઈએ. જ્યારે કેટલાક દેશોમાં ટેસ્ટ ક્રિકેટનો મજબૂત ચાહક આધાર છે, ત્યારે સભ્ય દેશોને પણ પોતપોતાના દેશોમાં ટેસ્ટ મેચોને મુખ્ય અને મહત્વપૂર્ણ ઈવેન્ટ તરીકે સ્થાપિત કરવાની તકો મળે તે જરૂરી છે.

# પાકિસ્તાની ક્રિકેટરો દેશ માટે રમવા કરતાં પૈસા કમાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે : ઈકબાલ કાસિમ



કરાંચી,

આજકાલ, પાકિસ્તાન ક્રિકેટમાં ખેલાડીઓની માનસિકતા પર જ નહીં, ફક્ત તેમના મેદાન પરના પ્રદર્શન પર પણ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. હવે, ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને ટીમના ભૂતપૂર્વ મુખ્ય પસંદગીકાર, ઈકબાલ કાસિમે ખેલાડીઓની વર્તમાન પેઢી પર આકરા પ્રહારો કર્યા છે. તેમનું કહેવું છે કે ઘણા યુવા પાકિસ્તાની ક્રિકેટરો તેમની રમત સુધારવા અને દેશનું પ્રતિનિધિત્વ કરવા કરતાં પૈસા કમાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

૫૦ ટેસ્ટ મેચોમાં પાકિસ્તાનનું પ્રતિનિધિત્વ કરી ચૂકેલા કાસિમે કહ્યું કે હાલના ખેલાડીઓમાં તેમની ટેકનિક, રમતની સમજ અને કૌશલ્ય સુધારવા માટે સખત મહેનત કરવાની ઈચ્છાનો અભાવ છે. તેમના મતે, યુવા ખેલાડીઓ પૈસા પાછળ દોડી રહ્યા છે, જ્યારે રાષ્ટ્રીય જર્સી પહેરવી તેમના માટે સૌથી મોટું સન્માન હોવું જોઈએ.

કાસિમે કહ્યું કે તેઓ ભૂતકાળ વિશે અથવા આપણા સમયમાં આપણે કેવી રીતે ક્રિકેટ રમ્યા તેના વિશે વાત કરવા માંગતા નથી. પરંતુ સાચું કહું તો, તેઓ મોટાભાગના યુવા ખેલાડીઓમાં તેમની સમજણ અને કૌશલ્ય સુધારવા માટે સખત મહેનત અને પ્રતિબદ્ધતાનો અભાવ જુએ છે. એવું લાગે છે કે તેમનું ધ્યાન રમત કરતાં પૈસા કમાવવા પર વધુ છે.

તેમણે વધુમાં કહ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં ક્રિકેટમાં નોંધપાત્ર ફેરફાર થયો હોવા છતાં, સફળતાનો મૂળભૂત સિદ્ધાંત એ જ રહે છે. ખેલાડી પોતાની વ્યક્તિગત ખામીઓને દૂર કરવા અને રમતને સમજવા માટે કેટલો સમય ફાળવે છે તે તેમની સફળતા નક્કી કરે છે. કાસિમના મતે, હાલમાં પાકિસ્તાની ક્રિકેટમાં આ પૂરતું દર્શાવવામાં આવી રહ્યું નથી.

ભૂતપૂર્વ સ્પિનરે ખેલાડીઓની કોચિંગ સ્ટાફ અને ડેટા પર વધુ પડતી નિર્ભરતાને નબળાઈ તરીકે પણ ગણાવી. તેમણે કહ્યું કે યુવા ક્રિકેટરો બેસીને તેમની ભૂલો અને રમતની પરિસ્થિતિઓને સમજવા માટે પૂરતો સમય નથી કાઢી રહ્યા.

# પહેલી ટેસ્ટમાં ફિફ્ટી ફટકારનાર સ્ટીવ સ્મિથે બ્રાયન લારા અને સ્ટીવ વોના રેકોર્ડની બરાબરી કરી



નવીદિલ્હી,

બાંગ્લાદેશની ટીમ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ મેચ રમી રહી છે. બંને ટીમો વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૩ ઓગસ્ટના રોજ ડાર્વિનમાં શરૂ થઈ હતી. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ ટેસ્ટમાં પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરતી ઓસ્ટ્રેલિયન ટીમની શરૂઆત ખરાબ રહી હતી. લંચ સુધીમાં ચાર બેટ્સમેન આઉટ થયા હતા. સ્ટીવ સ્મિથ ૭ રન બનાવીને અણનમ રહ્યા. જોકે લંચ પછી એલેક્સ કેરી અને બ્યુ વેબસ્ટર પણ પેવેલિયનમાં પાછા ફર્યા હતા, સ્ટીવ સ્મિથે એક છેડે મજબૂતીથી બેસાડી રાખી હતી. ઓસ્ટ્રેલિયાનો સ્કોર ૩૮મી ઓવરમાં ૧૫૦ રનને પાર કરી ગયો. સ્મિથે ઓવરના પહેલા બોલ પર સિક્સર ફટકારીને એક મોટો સિમાચિહ્ન હાંસલ કર્યો.

હકીકતમાં, તૈજુલ ઈસ્લામ ૩૮મી ઓવરમાં બોલિંગ કરવા આવ્યો. સ્મિથે તૈજુલનું છગ્ગો મારીને સ્વાગત કર્યું. આ છગ્ગાથી સ્મિથનો વ્યક્તિગત સ્કોર ૪૨ પર પહોંચી ગયો. આ સાથે, ઓસ્ટ્રેલિયન સ્ટાર બેટ્સમેન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા દિગ્ગજ એલન બોર્ડરને પાછળ છોડી ગયો. સ્મિથ હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં ચોથા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે એલન બોર્ડર પાંચમા સ્થાને સરકી ગયો છે. સ્મિથ હવે રિકી પોન્ટિંગ, ડેવિડ વોર્નર અને સ્ટીવ વોથી આગળ છે. સ્ટીવ સ્મિથે ૩૬૧ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૪૩૦ ઈનિંગ્સમાં ૧૭,૭૦૦ થી વધુ રન બનાવ્યા છે. જેમાં ૪૯ સદી અને ૮૫ અડધી સદીનો સમાવેશ થાય છે.ડાર્વિનમાં પ્રથમ ટેસ્ટ પહેલા, સ્ટીવ સ્મિથે ૧૭૬૫૬ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા હતા. એલન બોર્ડરને પાર કરવા માટે તેને ફક્ત ૪૨ રનની જરૂર હતી.

# અમિતાભ બચ્ચને ફિલ્મ "સ્વદેશ" માં શાહરૂખ ખાનના અભિનયની પ્રશંસા કરી



મુંબઈ,

'કૌન બનેગા કરોડપતિ ૧૮' ના તાજેતરના એપિસોડમાં, સ્પર્ધક બબલુ કુમાર પંડિતને રમત દરમિયાન શાહરૂખ ખાન સંબંધિત એક પ્રશ્ન પૂછવામાં આવ્યો. આ પ્રશ્ન દરમિયાન, અમિતાભ બચ્ચન થોડીક સેકન્ડ માટે થોભ્યા અને ફિલ્મ "સ્વદેશ" માં શાહરૂખ ખાનના અભિનયની પ્રશંસા કરી.

અમિતાભ બચ્ચને કહ્યું, "સ્વદેશ, તેમની ફિલ્મ, મારું માનવું છે કે તેમાં તેમનો અભિનય એકદમ ઉત્તમ હતો. અને હું ઘણીવાર તેમને મળું છું અને તેમને એ જ વાત કહું છું."અમિતાભ બચ્ચને પણ પ્રશ્ન સાથે સંબંધિત ત્રણ પાત્રો વિશે વાત કરી. તેમણે કહ્યું, "શાહરૂખ ખાને 'સ્વદેશ' માં નાસાના વૈજ્ઞાનિક, 'ચક દે! ઈન્ડિયા' માં હોકી કોચ અને 'વીર-ઝારા' માં આઈએએફ પાઈલટની ભૂમિકા ભજવી હતી."શાહરૂખ ખાને આ ત્રણેય ફિલ્મોમાં સંપૂર્ણપણે અલગ પાત્રો ભજવ્યા હતા, અને તેમના અભિનયને દર્શકો દ્વારા સારો પ્રતિસાદ મળ્યો હતો.આ ફિલ્મ દેશ, ગામડાઓ અને સમાજને લગતા ઘણા મુદ્દાઓને સંવેદનશીલ રીતે સંબોધે છે. આજ સુધી, તે શાહરૂખ ખાનની સૌથી યાદગાર ફિલ્મોમાંની એક અને તેમના શ્રેષ્ઠ અભિનયમાંની એક માનવામાં આવે છે.

# સલમાન ખાન અને સંજય દત્ત સેવન ડોગ્સમાં ફરી સાથે જોવા મળશે



મુંબઈ,

સલમાન ખાનના ચાહકો માટે એક ખાસ વાત છે, કારણ કે ૭ ડોગ્સનું ઓફિશિયલ ટ્રેલર રિલીઝ થયું છે. આ ટ્રેલર દર્શકોને આંતરરાષ્ટ્રીય એક્શન થ્રિલર અને વધુ મહત્ત્વપૂર્ણ રીતે, સલમાન ખાન અને સંજય દત્તની સ્ક્રીન પર એક નવી ઝલક આપે છે. આ ટ્રેલર ૨૧ ઓગસ્ટે ભારતમાં રિલીઝ થવાના થોડા દિવસો પહેલા જ આવ્યું છે.

બેડ બોયઝ ફ્રેન્ચાઈઝ માટે જાણીતી ફિલ્મ નિર્માતા જોડી આદિલ અલ અરબી અને બિલાલ ફલ્લાહ દ્વારા દિગ્દર્શિત, ૭ ડોગ્સ ભારતીય, ઈજિપ્તીયન અને આંતરરાષ્ટ્રીય સિનેમાના કલાકારોને એકસાથે લાવે છે. સલમાન અને સંજય નાનકડી ભૂમિકામાં છે, જ્યારે કરીમ અબ્દેલ અઝીઝ અને અહેમદ એઝ ફિલ્મનું નેતૃત્વ કરે છે, સાથે મોનિકા બેલુચી અને ગિયાનકાર્લો એસ્પોસિટો પણ છે.સલમાન ખાન અને સંજય દત્ત સ્પોટલાઈટ ખેંચી લે છે

જ્યારે ૭ ડોગ્સમાં મોટી આંતરરાષ્ટ્રીય કલાકારો છે, ત્યારે તે સલમાન ખાન અને સંજય દત્તની હાજરી છે જે ભારતમાં સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી શક્યતા છે. બંને કલાકારો અગાઉ ઘણી વખત સ્કીન શેર કરી ચૂક્યા છે, અને સાઉદી સમર્થિત એક્શન થ્રિલરમાં તેમનો દેખાવ ફિલ્મની આસપાસના સૌથી મોટા ચર્ચાના મુદ્દાઓમાંનો એક રહ્યો છે. ફિલ્મની તેમની અગાઉની ઝલક ભારતીય ચાહકોમાં ઉત્સાહ ફેલાવી ચૂકી છે, ખાસ કરીને ફિલ્મના આંતરરાષ્ટ્રીય રિલીઝ પછી બંને સ્ટાર્સ દર્શાવતો એક્શન સિક્વન્સ ઓનલાઈન આવ્યા પછી.

તાજેતરમાં રિલીઝ થયેલ ટ્રેલર ફરી એકવાર ફિલ્મના મોટા પાયે એક્શન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં સલમાન અને સંજય બોલિવૂડની બહાર વિસ્તરેલી વાર્તાને તેમની પરિચિત સ્ક્રીન હાજરી આપે છે.

'૭ ડોગ્સ' શું છે?

'૭ ડોગ્સ' એક એક્શન થ્રિલર છે જે એક અસંભવિત જોડાણની આસપાસ બનેલી છે. વાર્તા ઈન્ટરપોલ એજન્ટ ખાલિદ અલ-અઝાઝીને અનુસરે છે, જે ૭ ડોગ્સ ક્રાઈમ સિન્ડિકેટના ભયાનક વ્યક્તિ ગાલી અબુ દાઉદ સાથે મળીને એક મોટા ડ્રગ-ટ્રાફિકિંગ નેટવર્કનો સામનો કરે છે. આ ફિલ્મ ગુના, આંતરરાષ્ટ્રીય એક્શન અને વૈશ્વિક કલાકારોને જોડે છે, જે તેને પરંપરાગત બોલિવૂડ એક્શન ફિલ્મ કરતાં અલગ સ્વાદ આપે છે.આ પ્રોજેક્ટ તેના સ્કેલ માટે પણ નોંધપાત્ર છે. તે સાઉદી સમર્થિત આંતરરાષ્ટ્રીય નિર્માણ તરીકે સ્થાપિત કરવામાં આવ્યું હતું અને તેનું નિર્દેશન અલ અરબી અને ફલ્લાહ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમના અગાઉના કાર્યમાં બેડ બોયઝ ફોર લાઈફ અને બેડ બોયઝઃ રાઈડ ઓર ડાઈનો સમાવેશ થાય છે.સલમાન ખાનનો કેમિયો પહેલાથી જ ચર્ચામાં છેઆ વર્ષની શરૂઆતમાં ફિલ્મનું પહેલું ટ્રેલર આવ્યું ત્યારથી જ '૭ ડોગ્સ'માં સલમાનની સંડોવણી ચર્ચાનો વિષય બની છે. સંજય દત્તના દેખાવ સાથે તેમનો કેમિયો ભારતીય દર્શકો માટે ઝડપથી મુખ્ય આકર્ષણ બની ગયો. મે મહિનામાં જ્યારે ફિલ્મ મધ્ય પૂર્વમાં રિલીઝ થઈ, ત્યારે સલમાનને દર્શાવતી ક્લિપ્સ ઓનલાઈન વ્યાપકપણે પ્રસારિત થઈ.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કી | પ્ર | રો | લી | સ | બ | કા | ત્રિ | કો | ણ | ગ | જ |
| ન | કા | ભો | ખ | ણિ | ન | ર | ત્રિ | દુ | ક | જી | નિ |
| આ | જ | ક | ઔ | ધ | ધ | વે | ઊ | ત | નિ | વે | મા |
| ગી | ક્ષ | સા | તી | લી | ણી | ગ | ઐ | પ્ર | દ | યા | ળો |
| ળ | આ | ક | રા | સા | પ્ર | ગ | ગ | ન | જ | બં | અઃ |
| ન | ગ | ર | લ | અઃ | ક | કા | હા | ઐ | કા | ભો | ધો |
| કા | ક | ક | દ | મ | ર | ડી | ણા | ર | ક | ર | ઊ |
| ન | દ | ગ | તુ | ગં | ણ | ર | ગ | ધી | ણ | મા | અ |
| દ | ર | બ | બ | ક | ધ | સા | ર | શિ | ર | બા | સ |
| વા | બ | કે | કી | અ | સા | જ | બા | આ | ડો | ગ | ર |
| ભ | તી | દ | સ | તુ | કી | વા | દુ | વિ | ધા | ક | અ |
| ર | કુ | મ | બો | રી | ક્ષ | જી | આ | ર | ક્ષ | કી | સ |

**શબ્દ શોધો:** ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# જુનિયર એનટીઆર સફળ સર્જરી પછી તેના ચાહકો અને શુભેચ્છકો માટે ભાવુક થયો



હૈદરાબાદ,

જુલાઈના અંતમાં ખભાની ઈજા બાદ, અભિનેતા જુનિયર એનટીઆરની હૈદરાબાદમાં આર્થ્રોસ્કોપિક ખભાની સર્જરી કરવામાં આવી. આ સર્જરી સિકંદરાબાદની કેઆઈએમએસ હોસ્પિટલ્સના ઓર્થોપેડિક સર્જનોની ટીમ દ્વારા કરવામાં આવી હતી, જેમાં ડૉ. આર.એ. પંચરંદ્ર તેજસ્વી, ડૉ. નીતિન બેર્જ્કી, ડૉ. મધુસુધન રાવ અને ડૉ. શ્રીનિવાસ રાવ સુપ્રાનેની. ડૉક્ટરે પુષ્ટિ આપી કે સર્જરી સારી રીતે થઈ છે અને અભિનેતા હવે તબીબી દેખરેખ હેઠળ સ્વસ્થ થઈ રહ્યા છે. દક્ષિણ અભિનેતા જુનિયર એનટીઆરએ સફળ સર્જરી પછી તેના ચાહકો અને શુભેચ્છકો માટે એક ટૂંકી નોંધ લખી.

તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર, અભિનેતા જુનિયર એનટીઆરએ લખ્યું, "હું તમારા બધાના પ્રેમ અને આશીર્વાદથી અભિભૂત છું. સર્જરી સફળ રહી અને હું સ્વસ્થ છું. મારા મિત્રો, પરિવાર અને ચાહકો, તમારો ટેકો મને દરરોજ શક્તિ આપે છે. જલ્દી મળીશું!" પોતાની ખુશી વ્યક્ત કરતા, પ્રશાંત નીલે લખ્યું, "તારક, સર્જરી સારી રીતે થઈ તે સાંભળીને આનંદ થયો. સ્વસ્થ થવા માટે તમારે જેટલો સમય જોઈએ તેટલો સમય કાઢો. આપણી પાસે સાથે મળીને ઘણું બધું બનાવવાનું છે. જલ્દી સેટ પર મળીશું."

વધુમાં, હોસ્પિટલે જુનિયર એનટીઆરના સ્વાસ્થ્ય અંગે એક સત્તાવાર બુલેટિન જારી કર્યું છે.

# દિલ ચાહતા હૈ પછી પ્રીતિ ઝિન્ટા ફરી એકવાર આમિર ખાન સાથે સ્કીન શેર કરવા ઈચ્છુક



મુંબઈ,

ફરહાન અખ્તરની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ, દિલ ચાહતા હૈ, આ મહિને તેની રિલીઝના ૨૫ વર્ષ પૂર્ણ કરી. આ ફિલ્મ તેની રજત જયંતિ સાથે ફરી એકવાર સમાચારમાં છે. તે હજુ પણ સૌથી યાદગાર ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. ફિલ્મની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે, અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ પણ તેની સાથે જોડાયેલી યાદો શેર કરી છે. જોકે, તે આ ખાસ રિયુનિયનનો ભાગ બની શકી નહીં. હાલમાં, પ્રીતિ તેની આગામી ફિલ્મ, બંટવારા ૧૯૪૭ ના પ્રમોશનમાં વ્યસ્ત છે.

મીડિયા સાથે વાત કરતી વખતે, પ્રીતિએ મજાકમાં કહ્યું કે તેણીએ તેની કમબેક ફિલ્મ અને દિલ ચાહતા હૈ ના રિયુનિયન વચ્ચે પસંદગી કરવાની હતી. તેણીએ કહ્યું, "હું ઘણી બધી યાદો શેર કરવા માંગતી હતી. પરંતુ આમિરે અમને અલગ કરી દીધા. મારે બંટવારાનું પ્રમોશન કરવા આવવું પડ્યું, જ્યારે તેઓ દિલ ચાહતા હૈ ની ૨૫મી વર્ષગાંઠ ઉજવવા ગયા હતા."

પ્રીતિએ ખુલાસો કર્યો કે તે ફરીથી આમિર ખાન સાથે સ્ક્રીન શેર કરવા માંગે છે. તેણીએ આશા વ્યક્ત કરી કે બંને ટૂંક સમયમાં એક એવી ફિલ્મમાં સાથે કામ કરશે જે દિલ ચાહતા હૈ જેટલી યાદગાર સાબિત થશે. અભિનેત્રીએ કહ્યું, "હું તેની સાથે ફરીથી કામ કરવા માટે ઉત્સુક છું. મને આશા છે કે અમે એક એવી ફિલ્મમાં ફરી ભેગા થઈશું જે એટલી જ યાદગાર હશે. દિલ ચાહતા હૈ મારા માટે ખૂબ જ યાદગાર ફિલ્મ હતી.

# રાજકોટની જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા પ્રતિભા સન્માન સમારંભ યોજાયો



રાજકોટ,
રાજકોટ જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ દ્વારા તાજેતરમાં બી.સી.એ. તથા બી.બી.એ.માં અભ્યાસ કરતા જે વિદ્યાર્થીઓએ વધુ ગુણ પ્રાપ્ત કરેલ છે તેવા ૩૬૬ વિદ્યાર્થીઓને ૨૦૦૦ થી ૩૦૦૦ રૂપિયાની સ્કોલરશીપનો ચેક આપવામાં આવેલ હતો.

અંદાજીત નવ લાખ રૂપિયાની સ્કોલરશીપનું કોલેજના વિદ્યાર્થીઓને રાજકોટના મેયર નેહલભાઈ શુક્લ તથા ઉપસ્થિત મહેમાનશ્રીઓના હસ્તે વિતરણ આપવામાં આવેલ હતું.

આ પ્રસંગે રાજકોટના મેયર શ્રી નેહલભાઈ શુક્લનું મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી તથા ડો. યજ્ઞેશભાઈ જોશીના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું તેમજ પ્રિ. ડો. પ્રીતિબેન ગણાત્રા દ્વારા મહેમાનોનું શબ્દોથી સન્માન કરવામાં આવેલ.

ગ્રામ સ્વરાજ મંડળના પ્રમુખ ધીરુભાઈ ધાબલિયા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ચોપડાનું વિતરણ મહેમાનોના હસ્તે આ કાર્યક્રમમાં કરવામાં આવેલ. સૌરાષ્ટ્ર યુનિવર્સીટી દ્વારા માર્ચ-૨૦૨૬માં બી.કોમ., બી.સી.એ. તેમજ બી.બી.એ.ના ડિગ્રી કક્ષાએ ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવેલ.

# રાજકોટ દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પરિસરમાં મંગલેશ્વર મહાદેવ મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન



રાજકોટ,
રાજકોટ શહેરથી આશરે ૧૪ કિલોમીટર દૂર ધરતીપુત્રોના ગામ ઢોલરામાં ૨૮ વર્ષથી કાર્યરત દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ સંસ્થાના પરિસરમાં સમિતિના સભ્યો વસંતભાઈ ગાદેશા અને પ્રવીણભાઈ હાપલિયાની દેખરેખ હેઠળ ચાલીસ લાખ રૂપિયાના ખર્ચે જીર્ણોધાર કરાયેલ મંગલેશ્વર મહાદેવ મંદિર તૈયાર થઈ જતા સંસ્થા દ્વારા દોઢ દિવસીય દિવ્ય ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવેલ જેમાં યુવા કથાકાર શ્રી બાલકૃષ્ણ શાસ્ત્રીજી અને અન્ય ભૂદેવો દ્વારા સંપૂર્ણ શાસ્ત્રો કત વિધિ અનુસાર પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરાવેલ તેમ યાદીમાં જણાવાયું છે.

પ્રાણપ્રતિષ્ઠા વિધિ બાદ પ્રથમ આરતી મેયર ડો. નેહલ શુક્લર, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, પૂર્વ કેબિનેટ મિનિસ્ટ્ર ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, વક્તા વિચારક ડો.ભક્ષુભાઈ વછરાજાની, ઉદ્યોગપતિ વલ્લસભભાઈ વડાલીયા, નાથાભાઈ કાલરીયા સહિતના હસ્તે ઉતારેલ દોઢ દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં મૌલેશભાઈ પટેલ, જગદીશભાઈ કોટડીયા, પરેશભાઈ પીપળીયા, નીતિનભાઈ ભારદ્વાજ, કમલેશભાઈ મીરાણી, ડો. પ્રદીપ ડવ,પુષ્કરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને સંસ્થાના વડીલો શિવલાલભાઈ આદરોજા, પ્રતાપભાઈ પટેલ, ધીરુભાઈ રોકડ, ડો. નિદત બારોટ, હસુભાઈ રાછનું માર્ગદર્શન મળેલ સમગ્ર આયોજનને સફળ બનાવવા સંસ્થાના સ્થાપક મુકેશભાઈ દોશી, અનુપમ દોશી, સુનિલવોરા, નલિન તન્ના, કિરીટભાઈ આદરોજા, સહિતના કાર્યરત રહેલ તેમ યાદીના અંતમાં જણાવાયું છે.

# રાજકોટ શહેર મહિલા મોરચા દ્વારા વડાપ્રધાન મોદીને રક્ષાબંધન પૂર્વે રક્ષા કવચ મોકલાયુ



રાજકોટ,રાજકોટ શહેર મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગીયા, મયુરીબેન ભાલાળા દ્વારા ૨૮/૮ ના રક્ષાબંધનએ ભાઈ-બહેનના પવિત્ર સ્નેહનું અનેરૂ પર્વ છે.

શ્રાવણ માસની પુનમે આવતા રક્ષાબંધનનો ઉત્સવ એટલે બહેન ભાઈની રક્ષા માટે રક્ષા કવચ તરીકે રાખડી બાંધી બહેન તેમને ઉતમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે અંતરના આશિષ આપતી હોય છે.

આ તકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ,શહેર મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગીયા, મયુરીબેન ભાલાળા, પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા,ભાજપ મહિલા અગ્રણી પૂજાબેન પટેલ સહિતના બહેનોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને રક્ષા કવચ મોકલવામાં આવેલ હતું

# સોમવારે રાજકોટના સત્યયુગાવતાર શ્રી આત્મન ભગવાનનો આવિર્ભાવ મહોત્સવ ઉજવાશે

રાજકોટ,
સત્યયુગાવતાર શ્રી આત્મન ભગવાનનો ૧૦૯મો આવિર્ભાવ મહોત્સવ તા. ૧૭ના સોમવારના ઉજવવામાં આવશે.આવિર્ભાવ મહોત્સવ નિમિત્તે સવારે ૬.૩૦ થી ૯ કલાક દરમિયાન પ્રાગટયોત્સવ તથા સમૂહ ધૂન-ભજનો યોજાશે. સવારે ૭ કલાકે પ્રાગટય આરતી કરવામાં આવશે. બપોરે ૧૨ કલાકે વિશેષ આરતી તથા સાંજે ૭.૩૦ કલાકે સંધ્યા? આરતી યોજાશે. ઉપરાંત સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન સમૂહ ધૂન-ભજનોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટમાં ગોંડલ રોડ સ્થિત સત્યયુગ શ્રી રામજી મંદિર, ન્યાલ ભગત અન્નક્ષેત્ર ખાતે છેલ્લા ૩૬ વર્ષથી અહીં સત્યયુવાગતાર શ્રી આત્મંન ભગવાન પ્રેરિત બ્રહ્મમંત્ર ‘ૐ હ્રીં રામ જય રામ જય જય રામ’ની અખંડ ધૂન ગોમાતા સહિત સર્વ નિર્દોષ મૂક પ્રાણીઓની રક્ષા અર્થે, પ્રલયાત્મક આપત્તિઓના નિવારણ તેમજ સારાએ વિશ્વમાં સત્યયુગની સ્થાપના માટે સતત ચાલી રહી છે.

ઉપરાંત, શ્રી બાલા હનુમાનજી મંદિર, ગુલમહોર રોડ, ગોંડલ ખાતે પણ છેલ્લા ૪૭ વર્ષથી આ બ્રહ્મ મંત્રની અખંડ ધૂન અવિરત રીતે ચાલી રહી છે.

બ્રહ્મ મંત્રની અખંડ ધૂન સમષ્ટિનું સર્વોચ્ચી શુભકર્મ છે. જો તે સમજપૂર્વક અને અડગ શ્રદ્ધા સાથે કરવામાં આવે તો સમષ્ટિ પાપકર્મોનો ક્ષય થાય છે અને પ્રલયકારી અનિષ્ટ પરિબળોને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ આધ્યાત્મિક શક્તિ રૂપ બની શકે છે.

શ્રી આત્મરન ભગવાનના આવિર્ભાવ મહોત્સવની વધુ વિગત માટે શ્રી સુરેશ મહારાજ અને રાહુલભાઈ જોશીનો મો.૮૮૪૯૭ ૧૬૮૧૫ ઉપર સંપર્ક કરી શકાય છે.

# પોસ્ટલ તંત્ર દ્વારા ‘ઢાઈ અખર-૨૦૨૬-૨૭’ રાષ્ટ્રીય પત્ર લેખન સ્પર્ધા: ‘માતૃ પૃથ્વીને પત્ર’ વિષય રખાયો

## હસ્તલિખીત પત્ર ફરજીયાતઃ ૫૦૦ થી ૧૦૦ શબ્દોની મર્યાદા બે વિભાગમાં રખાઈ

રાજકોટ,
પોસ્ટટલ તંત્ર દ્વારા દેશભરમાં ઢાઈ અખર - ૨૦૨૬-૨૭ રાષ્ટ્રીય પત્રાલેખન સ્પર્ધાનુ આયોજન કરાયું છે. અભિયાનનો મુખ્ય હેતુ નવી પેઢીમાં હસ્તલિખિત પત્રાલેખનની પરંપરાને પુનર્જીવિત કરવાનો, સર્જનાત્મ કતા અને મોલિક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવાનો તેમજ ફિલાટેલી (ટપાલ ટિકિટ સંગ્રહ) પ્રત્યે રસ વધારવાનો છે. જેમાં વર્ષ ૨૦૨૬ માટે સ્પર્ધાનો વિષય, માતૃ પૃથ્વીને પત્ર’ને પત્ર પ્રકતિના સંરક્ષણ માટે મારું વચન નક્કી કરવામાં આવેલ છે.



આ સ્પર્ધા ૧ ઓગસ્ટ , ૨૦૨૬ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી દરેક ઉંમરના નાગરિક માટે છે જેમાં ભારતનો કોઈપણ નાગરિક પોતાની ઉંમર મુજબ નિર્ધારિત શ્રેણીમાં ભાગ લઈ શકે છે. સ્પ ર્ધા ૧૮ વર્ષ સુધી અને ૧૮ વર્ષથી વધુ ઉંમરના સ્પર્ધકો માટે અલગ-અલગ ઈનલેન્ડ લેટર કાર્ડ તથા કવર શ્રેણી ( સાઈઝ પેપર ) માટે છે.

સ્પર્ધામાં ભાગ લેવા માટે પત્ર હસ્ત લિખિત હોવો આવશ્લક છે. ઈનલેન્ડ કાર્ડ શ્રેણીમાં પત્રની મહત્તમ શબ્દમર્યાદા ૫૦૦ તથા કવર શ્રેણીમાં ૧૦૦૦ શબ્દો રહેશે. પત્ર અંગ્રેજી, હિન્દી ભાષામાં શકશે.

સ્પર્ધામાં પ્રથમ તબક્કે સર્કલ સ્ત રે અને ત્યારબાદ રાષ્ટ્રીયસ્તરે શ્રેષ્ઠ પત્રોની પસંદગી કરવામાં આવશે. વિજતાઓને આકર્ષક રોડ ઈનામો એનાયત કરવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે દરેક શ્રેણીમાં પ્રથમ ઈનામ રૂ.૫૦,૦૦૦, દ્વિતીય ઈનામ રૂ.૨૫,૦૦૦ તથા તીય ઈનામ રૂ.૧૦,૦૦૦ આપવામાં આવશે.

ડાક વિભાગે તમામ વિદ્યાર્થીઓ, યુવાનો, શિક્ષકો, વાલીઓ તથા નાગરિકોને આ અનોખી સ્પર્ધામાં ઉત્સાઓહપૂર્વક ભાગ લેવા અનુરોધ છે.

# રાજકોટ મનપાના વન-ડે-વન વોર્ડ કાર્યક્રમમાં વોર્ડ નં.૭માં ૪૫૭ ઘરોમાં તપાસ

## મચ્છર ઉત્પતિ સબબ ૧૮૧ આસામીઓને નોટીસઃ ૪૭ વ્યકિતઓના લોહીના નમુના લીધા

રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકાની આરોગ્ય શાખા દ્વારા વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે શહેરનાં વોર્ડ નં.૭માં ગઈકાલે કુલ ૧૦૦૬૨ ઘરોની મુલાકાત લેવામાં આવી હતી અને ૪૫૭ ઘરોમાંથી મચ્છરનાં પોરાનો નાશ કરવામાં આવેલ હતો.

આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ જયારે ચોમાસાની ઋતુને ધ્યાને લઈને વાહકજન્ય રોગો જેવા કે ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા રોગોના નિયંત્રણને અનુલક્ષીને જાહેર આરોગ્યના હિતાર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૪/૦૮/૨૦૨૬ થી શરૂ કરવામાં આવેલ વન-ડે-વન-વોર્ડ કાર્યક્રમ અંતર્ગત તા.૧૨/૦૮/ ના રોજ વોર્ડ નં. ૭ વાહક નિયંત્રણની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

આગામી દિવસોમાં બાકી રહેતાં વોર્ડમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જેમાં દરરોજ એક-એક વોર્ડમાં આરોગ્ય વિભાગના અધિકારી / કર્મચારીઓ, ફિલ્ડવર્કર, , અર્બન ઘરે-ઘરે જઈને વાહક નિયંત્રણની જુદી - જુદી પ્રવૃતીઓ કરાવવામાં આવી રહી છે. જેમાં વોર્ડમાં ઘરોની મુલાકાત લઈ ઘરમાં તથા તેની આસપાસ રહેલ પીવાના તથા વપરાશના પાણીના પાત્રો, ટાંકા, ટાંકી, છોડના કુંડા, પક્ષીકુંજ વગેરે જેવી જગ્યા તપાસીને દવા નાખવાની કામગીરી કરવામાં આવેલ તથા આવી જગ્યાઓ પર પાણી સંગ્રહિત ન રહે તે માટે લોકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે.

દરમ્યાન વોર્ડ નં.૭ માં ૧૦,૦૬૨ ઘરની મુલાકાત લઈ ૪૫,૩૨૬ પાત્રો ચકાસવામાં આવેલ છે. જેમાંથી ૪૫૭ ઘરમાં પોરા જોવા મળતા તેનો નાશ કરવામાં આવેલ છે. ૧૧૮૫ બિનરહેણાંક એકમોની તપાસ કરવામાં આવેલ છે તથા મચ્છર ઉત્પતિ સબબ ૧૮૧ આસામીઓને નોટીસ આપવામાં આવેલ છે. ફિવર સર્વે દરમ્યાન ૪૭ વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવેલ હતા.

આ ઝુંબેશ દરમ્યાન લગત વોર્ડમાં વોર્ડ નં. ૭ ના કોર્પોરેટર દર્શનભાઇ હરેશભાઇ પેંગ્યાતર અને સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહેલ હતા તથા ’’વન - ડે - થ્રી - વોર્ડ’’ ઝુંબેશ ને સફળ બનાવવા લોકોને મચ્છર ઉત્પતિ અટકાયતી ઝુંબેશમાં સહકાર આપવા અપીલ કરવામાં આવેલ હતી.

# રવિવારથી શ્રાવણ માસ નિમિતે રાજકોટના આર્યસમાજ ભવનમાં યજુર્વેદ પારાયણ મહાયજ્ઞ

રાજકોટ,
આર્યસમાજ હાથીખાના (રાજકોટ) દ્વારા આર્યસમાજની શાખા આર્યસમાજ માયાણીનગર ભવનમાં દર વર્ષની જેમ શ્રાવણમાસમાં યજુર્વેદ પારાયણ મહાયજ્ઞ (વેદકથા)નું આયોજન તા.૧૬ રવિવારથી તા.૨૩ રવિવાર સુધી દરરોજ સવારે ૭:૩૦ થી ૯:૩૦ કલાક તથા સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાક સુધી યજુર્વેદ પારાયણ મહાયજ્ઞ યોજેલ છે.

જેમાં યજુર્વેદના મંત્રોના પાઠ આર્યસમાજના પુરોહિતો તેમજ ઉપદેશક મહાવિદ્યાલય ટંકારાના બ્રહ્મચારીઓ કરશે. આર્યપરિવારના સભ્યો તથા સદસ્યો તથા જનતાને આમંત્રણ અપાયું છે.બ્રહ્મસ્થાઓને આચાયશ્રી શુચિષદ મુનિજી સુલતાનપુર ઉતરપ્રદેશના બિરાજશે અને પોતાની આગવી શૈલીમાં અમૃતવાણીથી પ્રવચન આપશે. પૂર્ણાહૂતિ તા.૨૩ને રવિવાર સવારે ૮ થી ૧૨ કલાકે રાખેલ છે. તેમ યાદીમાં જણાવાયું છે.

# શનિવારે રાજકોટ નાગરિક સહકારી બેંક દ્વારા રાજકોટ અને બહારગામની શાખાઓમાં ધ્વજવંદન કાર્યક્રમ

રાજકોટ,
રાજકોટ નાગરિક સહકારી બેંક લી. દ્વારા તા. ૧૫ ઓગષ્ટને શનિવારે સવારે ૯ કલાકે સ્વાતંત્ર્ય પર્વ અવસરે રાજકોટમાં બેંકની હેડ ઓફીસ, અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય, ૧૫૦ ફુટ રીંગરોડ, રૈયા સર્કલ પાસે અને બહારગમની દરેક શાખાઓમાં ધ્વજવંદન યોજાશે.

રાજકોટમાં અતિથિ વિશેષ તરીકે સુનિલભાઈ મહેતા (અખિલ ભારતીય બૌધ્ધિક પ્રમુખ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને કિશોરભાઈ ખંભાયતા (ચેરમેન યુનેકસ ગ્રુપ) ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં સર્વે બોર્ડ ઓફ ડિરેકટર્સ, શાખા વિકાસ સમિતિના સદસ્યો, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો અને કર્મચારીગણને રાજકોટ ખાતે અથવા બહારગામમાં બેંકની નજીકની શાખામાં ઉપસ્થિત રહેવા બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન જીવણભાઈ પટેલે હાર્દીક અનુરોધ કર્યો છે

# રાજકોટમાં મોચી સમાજના જરૂરીયાતમંદ પરિવારોને વિનામૂલ્યે મીઠાઈ - ફરસાણનું વિતરણ

રાજકોટ,
રાજકોટ શહેર ગાંધીગ્રામ વિસ્તાર સિવાયના મોચી સમાજના આર્થિક રીતે ગરીબ પરીવારો માટે જન્માષ્ટમીના તહેવારોના અનુસંધાને રાંધણ છઠ્ઠ બુધવાર તા.૨/૯/૨૬ના રોજ સવારે ૧૦ વાગ્યે કિશોરકુમાર વાળા માતૃદર્શન બંગલો, નહેરૂનગર સોસાયટી શેરી નં.૨ નાનામવા મેઈન રોડ, મારવાડી સામે, રાજકોટ મુકામે વિનામૂલ્યે મીઠાઈ તથા ફરસાણનું સહર્ષ વિતરણ કરવામાં આવશે.

લાભાર્થી પરીવારે પોતાના કુટુંબના વડીલના આધાર કાર્ડ અને રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ પાછળ પોતાનું પુરૂ નામ, સરનામું તથા ફોન નંબર લખીને ઉપરોકત સરનામે તારીખ ૨૨/૮ સુધી સવારના ૯થી ૧૨ સાંજે ૪થી ૬ સુધીમાં પહોંચાડવાની રહેશે.

# સીંગતેલનો ડબ્બો ૩૦૦૦ ની નજીક

રાજકોટઃ
શ્રાવણ મહિનાના પ્રારંભ સાથે જ સીંગતેલમાં આજે ફરી તેજીનો કરંટ જોવા મળ્યો હતો અને ડબ્બાનો ભાવ ૩૦૦૦ ના માર્ગે આગળ વધ્યો હતો. રાજકોટ તેલબજારમાં સીંગતેલનો ભાવ આજે ૨૦ રૂપિયાના સુધારાથી ૨૯૦૨૫ થી ૨૯૭૫ થયો હતો જોકે અન્ય ખાદ્યતેલોના ભાવ સ્થિર હતા.વેપારીઓનાં કહેવા પ્રમાણે માલની સંભવીત ખેંચ તથા હવે તહેવારોની સિઝનમાં ઘરાકી વધવાનાં આશાવાદથી ટ્રેન્ડ તેજીનો થયો છે.ચાલુ વર્ષે મગફળીનું વાવેતર સારૂ હોવા છતાં સીઝન મોડી થવાની આશંકા છે. અને ત્યાં સુધી સપ્લાય નોર્મલ રહેવાનું મુશ્કેલ છે. આવતા દિવસોમાં સપ્લાય પરિસ્થિતિ ટાઈટ રહે તેમ હોવાથી ભાવ વધતા રહ્યા છે હજુ વધુ



વધવાની શકયતા નકારાતી નથી.

સીંગતેલ દસ કિલો લુઝનો ભાવ આજે ૧૭૨૫ થી ૧૭૩૦ હતો ટેકસ પેઈડ ડબ્બામાં ભાવ ૩૦૦૦ ને આંબવામાં માત્ર ૨૫ રૂપિયાનું છેટુ છે.ગમે ત્યારે આ લેવલ આંબી જાય તેમ છે. એટલુ જ નહિં નવી સીઝન પૂર્વે ભાવ નવી ઉંચી સપાટીએ પણ પહોંચી શકે છે.

સાઈડતેલોના ભાવ પણ ઉંચા છે. કપાસીયા તેલ ડબ્બાના ૨૮૫૦ આસપાસ છે. વિશ્વ બજારમાં પણ ટ્રેન્ડ તેજીનો છે. એટલે સીંગતેલને ટેકો મળી શકે છે.

# ૧૪૪૦ બોટલ દારૂ સાથે બુટલેગર અમિત ઉર્ફે બુસા ઝબ્બે

રાજકોટઃમોરબી રોડ જકાતનાકા નજીક મકાનમાં બી. ડિવિઝન પોલીસ ત્રાટકી હતી અને ૧૪૪૦ બોટલ દારૂ સાથે અમિત ઉર્ફે બુસાની ધરપકડ કરી રૂ. ૧૧.૦૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે બલેનો કાર અને એક્સેસના ચાલકની શોધખોળ આદરી હતી.

દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર ઉચ્ચ અધિકારીઓની દારૂ-જુગારની ગેરકાયદે બદીને ડામવા અસરકારક કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ જી આર ચૌહાણના માર્ગદર્શન હેઠળની ટીમો પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન કોન્સ્ટેબલ જગદીશભાઈ વાંકને મળેલી હકીકતના આધારે મોરબી રોડ જકાતનાકા પાસે વાલ્મિકી સોસાયટી શેરી નં.- ૫ માં આવેલ મકાનમાં બી ડિવિઝન પોલીસે દરોડો પાડી અહીથી કુલ ૧૪૪૦



બોટલ શરાબ સાથે અમિત ઉર્ફે બુસો રાજુભાઈ ડોડીયા (ઉવ ૨૭)ની ધરપકડ કરી હતી.

પોલીસે દારૂ, જીજે-૧૧-ડીબી-૭૨૦૩ નંબરની બલેનો કાર તેમજ જીજે-૦૩-એનએ-૪૭૨૪ નંબરનું એક્સેસ મળી કુલ રૂ. ૧૧.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે બલેનો કાર અને એક્સેસના ચાલકની શોધખોળ શરૂ કરી હતી.

# રાજકોટ શ્રી હાઈટ્સ એપાર્ટમેન્ટમા ફાયર સેફ્ટી અંગે તાલીમ અપાઈ



રાજકોટ,
રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગળતી માટે રોજ,શ્રી હાઈટ્સફ એપાટમેન્ટ, જુનો મોરબી રોડ, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૦૦ રહેવાસીઓ જોડાયેલ. આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના, ફાયર સ્ટેશના સ્ટેશન ઓફીસર આર એ જોબન, લિડિંગ ફાયરમેન રણજીત ભરાડા, ફાયર ઓપરેટર વિમલકુમાર, પરેશ રાઠોડ, સુજીત કુમાર, તથા ડ્રાઈવર રાજેશ મઢીયા સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ફુકેટ-દિલ્હીના પાયલોટને ગાંજાનો રીપોર્ટ પોઝિટિવ મળ્યા બાદ એર ઈન્ડિયા તમામ પાઈલટ્સનો ડોપ ટેસ્ટ કરાવશે

## પ્રવર્તમાન નિયમો હેઠળ પરવાનગી ન હોય તેવા કોઈપણ પદાર્થો અથવા દવાઓ માટે સંપૂર્ણ તપાસ કરવાનો નિર્ણય

નવી દિલ્હી,
એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ તેમના તમામ પાઈલટ્સ માટે સાયકોએક્ટિવ પદાર્થ પરીક્ષણ કરશે. ૪ ઓગસ્ટના રોજ ક્રુઝ દરમિયાન આશરે ૩૦૦ ફૂટની ઊંચાઈ ગુમાવનાર એર ઈન્ડિયા ફુકેટ-દિલ્હી ફ્લાઈટના પાઈલટ-ઈન-કમાન્ડે પુષ્ટિ પરીક્ષણમાં ગાંજા, એક સાયકોએક્ટિવ પદાર્થ માટે સકારાત્મક પરીક્ષણ કર્યા પછી આ વાત સામે આવી છે.

ટાટા ગ્રુપની માલિકીની બે એરલાઈન્સમાં ૫,૦૦૦ થી વધુ પાઈલટ્સ છે. પાઈલટ્સને આંતરિક સંદેશાવ્યવહારમાં, બંને એરલાઈન્સે જણાવ્યું હતું કે તેમણે પ્રવર્તમાન નિયમો હેઠળ પરવાનગી ન હોય તેવા કોઈપણ પદાર્થો અથવા દવાઓ માટે સંપૂર્ણ તપાસ કરવાનો નિર્ણય લીધો છે. મીડિયા સૂત્રો અનુસાર, ફરજિયાત પરીક્ષણ ગુરુવારથી શરૂ થશે.

ગુરુગ્રામ એકેડેમીમાં તાલીમની સાથે સાથે ફ્લાઈટ બ્રીફિંગ સેન્ટરો, એરલાઈન ઓફિસો અથવા સંબંધિત બેઝ દ્વારા નિયુક્ત સ્થળોએ ફ્લાઈટ પછી સ્ક્રીનીંગ પણ કરવામાં આવશે.સૂત્રો અનુસાર, સલામતીના ઉચ્ચતમ ધોરણો જાળવવા અને મુસાફરો, હિસ્સેદારો અને વ્યાપક સમુદાયને ખાતરી આપવા માટે આ પહેલ સક્રિય રીતે હાથ ધરવામાં આવી રહી છે.ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડ્ઢય્ઝ્રછ) ના નિયમ મુજબ, ક્રૂ મેમ્બર્સને ફ્લાઈટ શરૂ થવાના ૧૨ કલાક પહેલા આલ્કોહોલિક પીણાં, શામક દવાઓ, માદક દ્રવ્યો અથવા ઉત્તેજક દવાઓનું સેવન કરવાની મનાઈ છે. તેમને ફ્લાઈટ દરમિયાન આવા પદાર્થોનો ઉપયોગ કરવાની પણ મનાઈ છે.


નોંધનીય છે કે, નિયમ ફક્ત ૧૨ કલાકની વિન્ડો પર આધાર રાખતો નથી. ક્રૂ મેમ્બરે નશામાં હોય અથવા શોધી શકાય તેવા બ્લડ આલ્કોહોલ સાથે ફરજ પર હાજર થવું જોઈએ નહીં. લાઈસન્સ ધારક પણ તેમના લાયસન્સના વિશેષાધિકારોનો ઉપયોગ કરી શકતો નથી જ્યારે તેઓ કોઈ સાયકોએક્ટિવ પદાર્થના પ્રભાવ હેઠળ હોય જે તેમને તેમની ફરજો સુરક્ષિત રીતે બજાવવામાં રોકી શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, ૧૨ કલાક રાહ જોવાથી પાઈલટ આપમેળે ઉડાન ભરવા માટે યોગ્ય બનતો નથી. જો દારૂ હજુ પણ શોધી શકાય છે અથવા પાઈલટની કાર્ય કરવાની ક્ષમતા નબળી પડી છે, તો પાઈલટ વિમાન ચલાવી શકતો નથી.ફુકેટ-દિલ્હી ફ્લાઈટ ઘટના

૪ ઓગસ્ટના રોજ, ફુકેટ-દિલ્હી ફ્લાઈટ છૈં૨૩૭૯, છ૩૨૦ એરક્રાફ્ટ ફ્-ઈર્ઠ સાથે ઓપરેટ કરતી હતી, તે ક્રુઝ દરમિયાન લગભગ ૩૦૦ ફૂટની ઊંચાઈથી અચાનક નીચે પડી ગઈ, ત્યારબાદ વિમાન સ્થિર થયું અને ત્યારબાદ રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું.

# કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીની બિહારમાં દારૂબંધીનું ગુજરાત મોડેલ લાગુ કરવાની હાકલ

## ડ્રાય લિકરનું વધતું વ્યસન અને બિહારમાં નકલી દારૂથી થતા મૃત્યુએ દારૂબંધી પર પ્રશ્નો ઉભા કર્યા

પટણા,
બિહારમાં સંપૂર્ણ દારૂબંધી લાગુ થયાના લગભગ એક દાયકા પછી, આ કાયદા અંગે ચર્ચા ફરી એકવાર તેજ બની છે. તાજેતરના એનસીએઈઆર રિપોર્ટ પછી, કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીએ ફરી એકવાર આ મુદ્દા પર નિવેદન જારી કર્યું છે. તેમણે બિહારમાં દારૂબંધીનું ગુજરાત મોડેલ લાગુ કરવાની હાકલ કરી છે. આનાથી દારૂબંધી અંગેની ચર્ચા ફરી શરૂ થઈ છે.



હકીકતમાં, ૨૦૧૬ માં બિહારમાં સંપૂર્ણ દારૂબંધી કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારથી, કાયદાની સમીક્ષા માટે વારંવાર માંગ કરવામાં આવી રહી છે. દારૂબંધી હોવા છતાં, બિહારમાં દારૂની સરળતાથી ઉપલબ્ધતા, ડ્રાય લિકરનું વધતું વ્યસન અને બિહારમાં નકલી દારૂથી થતા મૃત્યુએ દારૂબંધી પર પ્રશ્નો ઉભા કર્યા છે.જીતન રામ માંઝીએ વારંવાર દારૂબંધી અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. આ વખતે, તેમણે બિહારમાં દારૂબંધીના ગુજરાત મોડેલને લાગુ કરવાની હાકલ કરી છે. તેમના મતે, દારૂબંધી કાયદા હેઠળ આશરે ૧.૨ મિલિયન લોકો સામે કેસ નોંધાયા છે, જેમાંથી મોટી સંખ્યામાં ગરીબ છે. તેમણે આરોપ લગાવ્યો છે કે કેટલાક અધિકારીઓ પણ આ કાયદાનો લાભ લઈને પૈસા કમાઈ રહ્યા છે.કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને જણાવ્યું હતું કે રાજ્યએ આવક વધારવાના રસ્તાઓ શોધવા જોઈએ, પરંતુ આનો અર્થ પ્રતિબંધ હટાવવાનો નથી.

# નાંદેડમાં સુખબીર સિંહ બાદલ પર નિહંગનો કિરપાણ વડે હુમલો

મુંબઈ,
પંજાબના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલ પર મહારાષ્ટ્રના નાંદેડમાં હુમલો કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, ગુરુદ્વારાની અંદર એક નિહંગ શીખે તેમના પર કિરપાણ વડે હુમલો કર્યો. હુમલામાં સુખબીર સિંહ બાદલને જમણા હાથમાં ઈજા થઈ હતી. ડોક્ટરોએ ચારથી પાંચ ટાંકા લગાવ્યા. તેમની સુરક્ષા માટે તૈનાત એક પોલીસ અધિકારીને પણ ઈજા થઈ છે. ઘટના બાદ પોલીસે તેના પર હુમલો કરનાર નિહંગની ધરપકડ કરી. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલાખોર એ જ ગુરુદ્વારાનો નિહંગ છે જ્યાં હુમલો થયો હતો.



નાંદેડના માતા સાહિબ કૌર વિસ્તારમાં આવેલા ગુરુદ્વારામાં એક નિહંગે તેના પર તીક્ષ્ણ હથિયાર (કહેવાય છે કે કિરપાણ) વડે હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન, સુખબીર સિંહ બાદલને જમણા હાથમાં ઈજા થઈ હતી અને તેમને નાંદેડની એક ખાનગી યશોસાઈ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

# રાજસ્થાનમાં સમાન નાગરિક સંહિતા બિલનો ડ્રાફ્ટ મંજૂર; વિધાનસભામાં બીલ રજૂ કરવામાં આવશે

## વૃક્ષ કાપણી અટકાવવા માટે "ધ રાજસ્થાન ટ્રીઝ (પ્રોટેક્શન) બિલ, ૨૦૨૬" ના ડ્રાફ્ટને પણ મંજૂરી આપવામાં આવી

જયપુર,
મુખ્યમંત્રી ભજન લાલ શર્માની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં સમાન નાગરિક સંહિતા બિલનો ડ્રાફ્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. લિવ-ઈન રિલેશનશિપના કિસ્સાઓમાં નોંધણી ફરજિયાત રહેશે. વધુમાં, આદિવાસી સમુદાયો માટે છૂટછાટો આપવામાં આવી છે. બેઠકમાં ગ્રામીણ પાણી પુરવઠા, કર્મચારી કલ્યાણ, રોજગાર અને ઔદ્યોગિક વિકાસ સંબંધિત અનેક મહત્વપૂર્ણ નિર્ણયોને પણ મંજૂરી આપવામાં આવી. વૃક્ષ કાપણી અટકાવવા માટે "ધ રાજસ્થાન ટ્રીઝ (પ્રોટેક્શન) બિલ, ૨૦૨૬" ના ડ્રાફ્ટને પણ મંજૂરી આપવામાં આવી.

કેબિનેટે "ધ રાજસ્થાન યુનિફોર્મ સિવિલ કોડ બિલ, ૨૦૨૬" ના ડ્રાફ્ટને પણ મંજૂરી આપી. તે આગામી વિધાનસભા સત્રમાં રજૂ કરવામાં આવશે. બિલ લગ્ન, છૂટાછેડા, વારસો, જાળવણી અને લિવ-ઈન રિલેશનશિપ સંબંધિત બાબતો માટે એક સમાન કાનૂની માળખાનો પ્રસ્તાવ મૂકે છે. પ્રસ્તાવિત જોગવાઈઓ અનુસાર, ૬૦ દિવસની અંદર નવા લગ્નોની નોંધણી ફરજિયાત રહેશે. લિવ-ઈન રિલેશનશિપની શરૂઆત અને અંતની લેખિત સૂચના અથવા નોંધણી માટેની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ કાયદો અનુસૂચિત જનજાતિઓને લાગુ પડશે નહીં.

કેબિનેટે 'રાજસ્થાન વૃક્ષો (સંરક્ષણ) બિલ, ૨૦૨૬' ના મુસદ્દાને મંજૂરી આપી છે. તે આગામી વિધાનસભા સત્રમાં રજૂ કરવામાં આવશે. પ્રસ્તાવિત કાયદામાં ખેજરી, રોહિડા, વડ, પીપળ, લાસોરા, તેંદુ, મહુઆ, કૈર અને ચિરોંજી સહિત ૨૯ મહત્વપૂર્ણ વૃક્ષ પ્રજાતિઓના રક્ષણની જોગવાઈ છે.

પરવાનગી વિના વૃક્ષો કાપવા પર એક વર્ષ સુધીની જેલ અથવા એક લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થશે. જો પરવાનગી સાથે વૃક્ષો કાપવામાં આવે છે, તો તે જ વિસ્તારમાં નિર્ધારિત સંખ્યામાં નવા વૃક્ષો વાવવા ફરજિયાત રહેશે. ગ્રામીણ પાણી યોજનાઓના સંચાલન માટે નવી નીતિ ગ્રામીણ વિસ્તારોમાં નિયમિત અને ગુણવત્તાયુક્ત નળના પાણી પુરવઠાની ખાતરી કરવા માટે સંચાલન અને જાળવણી નીતિને મંજૂરી આપવામાં આવી છે.

# ગુવાહાટીમાં ટ્રકમાંથી ૪૦ કરોડનું ડ્રગ્સ જપ્ત : ૨ લોકોની ધરપકડ

ગુવાહાટી,
બુધવારે મોડી રાત્રે ગુવાહાટીના ગરચુક વિસ્તારમાં ઈન્ટર-સ્ટેટ બસ ટર્મિનલ (ISBT) નજીક એક ટ્રક કથિત રીતે ડ્રગ્સનો મોટો જથ્થો પકડી પાડવામાં આવ્યો હતો, જેમાં લગભગ ૪૦ કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા અને બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસને બાતમી મળ્યા બાદ આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી કે મણિપુરથી ડ્રગ્સ લઈને જતો એક ટ્રક દેશના અન્ય ભાગોમાં જઈ રહ્યો છે. પોલીસ ટીમોએ વાહનને ટ્રેક કર્યું અને થોડીવાર પીછો કર્યા પછી ISBT નજીક તેને અટકાવ્યું.

પશ્ચિમ ગુવાહાટીના ડેપ્યુટી પોલીસ કમિશનર બાલિન દેઉરીના જણાવ્યા અનુસાર, ટ્રક ખાલી જણાતો હતો અને વિગતવાર તપાસ બાદ વાહનમાં બનેલો એક છુપાયેલો ડબ્બો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન, પોલીસે ૧૫ બંડલમાં પેક કરેલી લગભગ ૧.૫ લાખ ગોળીઓ જપ્ત કરી. શંકાસ્પદ હેરોઈન ધરાવતા અનેક સાબુના કેસ પણ જપ્ત કરવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.ટ્રકમાં બે સવાર, અબ્દુલ કાદિર અને સરીફુલ ઈસ્લામ તરીકે ઓળખાઈ ગયા હતા, બંને આસામના ગોલપારા જિલ્લાના રહેવાસી છે.નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે જેથી માલનું મૂળ અને ગંતવ્ય નક્કી કરી શકાય અને કથિત ટ્રાફિકિંગ નેટવર્કમાં સામેલ અન્ય લોકોની ઓળખ કરી શકાય.

# બલૂચિસ્તાનને પાકિસ્તાનનો ભાગ ન માની એક સ્વતંત્ર દેશ તરીકે સ્વિકારવા વિશ્વને અપીલ

## બલૂચોએ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી, શહેરોમાં કાર્યક્રમો યોજાયા

ઈસ્લામાબાદ,
પાકિસ્તાનમાં બલૂચોએ ખુલ્લેઆમ બળવો કર્યો છે. તેમણે બલૂચિસ્તાનને એક સ્વતંત્ર દેશ જાહેર કર્યો છે અને વિશ્વભરના તમામ દેશોને બલૂચિસ્તાનને પાકિસ્તાનનો ભાગ ન માનવાની અપીલ કરી છે. બલૂચિસ્તાન પ્રજાસત્તાકને એક સ્વતંત્ર દેશ તરીકે જોવું જોઈએ. આજે, બલૂચિસ્તાનમાં ૬૦ મિલિયન લોકોએ તેમનો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો. સમગ્ર બલૂચિસ્તાનમાં ધ્વજ ફરકાવવામાં આવ્યા હતા, અને સ્વતંત્રતાના નારા લગાવવામાં આવ્યા હતા.

બલુચ માનવાધિકાર કાર્યકર્તા મીર યાર બલોચે જણાવ્યું હતું કે પાકિસ્તાની સેનાએ બલુચિસ્તાનના સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ખલેલ પહોંચાડવાનું કાવતરું ઘડ્યું હતું. તેમણે સમગ્ર બલુચિસ્તાનમાં સૈન્ય તૈનાત કર્યું, રેલીઓ અને મેળાવડા પર પ્રતિબંધ મૂક્યો અને મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દીધી. આમ છતાં, સેના બલુચિસ્તાનના લોકોને રોકવામાં નિષ્ફળ ગઈ. બલુચિસ્તાને બલુચિસ્તાન અને તોપોના પડછાયા હેઠળ તેમની સ્વતંત્રતાની ઉજવણી કરી.ક્વેટા, નોશકી, કલાત, ગ્વાદર, તુર્બત અને ખુઝદાર જેવા શહેરોમાં વહેલી સવારે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બલુચિસ્તાન રાષ્ટ્રગીત ગવાયું હતું, મીઠાઈઓ વહેંચવામાં આવી હતી અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, પરંતુ પાકિસ્તાની સેના કંઈ કરવામાં નિષ્ફળ ગઈ હતી. બલુચિસ્તાનમાં કોઈ પણ ૧૪ ઓગસ્ટે પાકિસ્તાનનો સ્વતંત્રતા દિવસ ઉજવશે નહીં તેવી જાહેરાત બલુચિસ્તાન નેતાઓએ કરી છે.

એ નોંધવું જોઈએ કે ૧૯૪૭ માં, બલુચિસ્તાન ક્ષેત્રમાં સ્થિત કલાત રાજ્યએ તેની સ્વતંત્રતાની ઘોષણા કરી હતી.

# શ્રીનગરના શંકરાચાર્ય મંદિરમાં કડક સુરક્ષા વચ્ચે અમરનાથ છડી મુબારક પૂજા યોજાઈ

શ્રીનગર,
જમ્મુ અને કાશ્મીરના શ્રીનગર સ્થિત શંકરાચાર્ય મંદિરમાં કડક સુરક્ષા વચ્ચે 'અમરનાથ છરી મુબારક' પૂજા યોજાઈ હતી. મહંત દીપેન્દ્ર ગિરી અને દેશભરના વિવિધ રાજ્યોના અનેક સાધુઓ અને સંતોએ આ વિધિમાં ભાગ લીધો હતો. તમને જણાવી દઈએ કે છરી મુબારક ૨૨ ઓગસ્ટના રોજ શ્રીનગરથી પહેલગામ જવા રવાના થશે. આ વર્ષે, છારી મુબારકની અંતિમ પૂજા ૨૮ ઓગસ્ટના રોજ અમરનાથ ગુફામાં કરવામાં આવશે.શ્રીનગરના દશનામી અખાડામાં સ્થિત શિવ મંદિરમાં, પવિત્ર અમરનાથ ગુફામાં જતી છારી મુબારકની પૂજા "હર હર મહાદેવ" અને "બમ બમ ભોલે" ના નારાઓ વચ્ચે કરવામાં આવી હતી. સદીઓ જૂની પરંપરા મુજબ, ગુફામાં લઈ જવામાં આવતા પહેલા શંકરાચાર્ય મંદિરમાં છારી મુબારકની પૂજા કરવામાં આવી હતી. મહંતો અને સાધુઓ સહિત મોટી સંખ્યામાં ભક્તોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. પરંપરા મુજબ, આવતીકાલે શારિકા દેવી મંદિરમાં એક ધાર્મિક વિધિ કરવામાં આવશે, ત્યારબાદ છારી મુબારકને પહેલગામ થઈને ગુફામાં લઈ જવામાં આવશે.છારી મુબારક પૂજાનું ખૂબ મહત્વ છે.

# અપ્રમાણસર સંપત્તિના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

## કોર્ટે કર્ણાટકના ભાજપ કાર્યકર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે સીબીઆઈ અને ઈડીને તપાસનો નિર્દેશ આપ્યો હતો

નવીદિલ્હી,
લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. તેમણે અલ્હાબાદ હાઈકોર્ટના સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને તેમના વિરુદ્ધ અપ્રમાણસર સંપત્તિના આરોપોની તપાસ કરવાના આદેશને પડકાર્યો છે.

આ આરોપો ભાજપના એક કાર્યકર્તા દ્વારા લગાવવામાં આવ્યા હતા, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધી તેમની આવક કરતા વધુ સંપત્તિ ધરાવે છે.



કોર્ટે કર્ણાટકના ભાજપ કાર્યકર વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે સીબીઆઈ અને ઈડીને તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મે મહિનામાં હાઈકોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે જો અરજદારની ફરિયાદ મળે છે, તો તેમાં કરાયેલા આરોપોની કાયદા અનુસાર તપાસ થવી જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે સીબીઆઈ અથવા ઈડી કાયદા હેઠળ જરૂરી પગલાં લઈ શકે છે.આ પછી, હાઈકોર્ટે બંને તપાસ એજન્સીઓને તપાસમાં થયેલી પ્રગતિની જાણ કરવા નિર્દેશ આપ્યો હતો.

૨૦ જુલાઈના રોજ તેના અનુગામી આદેશમાં, હાઈકોર્ટે સીબીઆઈના સોગંદનામા પર નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે સીબીઆઈનું સોગંદનામું તેના અગાઉના નિર્દેશો અનુસાર નથી.

હાઈકોર્ટે એમ પણ કહ્યું કે ઈડીએ જરૂરી પગલાં લીધા છે.


# વિજય માલ્યા અને બેંકો વચ્ચેના વ્યાપારિક વિવાદની સીધી અસર દેશના અર્થતંત્ર પર પડશે : બોમ્બે હાઈકોર્ટ

## વિજય માલ્યા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળના બેંકોના કન્સોર્ટિયમ વચ્ચેના લાંબા કાનૂની વિવાદ પર બોમ્બે હાઈકોર્ટની ટિપ્પણી

મુંબઈ,
બોમ્બે હાઈકોર્ટે ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નેતૃત્વ હેઠળના બેંકોના કન્સોર્ટિયમ વચ્ચેના લાંબા કાનૂની વિવાદ પર ટિપ્પણી કરી છે. ન્યાયાધીશ મિલિંદ જાધવની આગેવાની હેઠળની બેન્ચે સ્પષ્ટપણે કહ્યું છે કે આવા વ્યાપારિક વિવાદો હવે સમાપ્ત થવા જોઈએ.

કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે જો પક્ષકારો આ વિવાદો સાથે આગળ નહીં વધે અને બાબતોના ઉકેલ માટે કામ નહીં કરે, તો તેની સીધી અને નકારાત્મક અસર દેશના અર્થતંત્ર પર પડશે. કોર્ટ માને છે કે લગભગ એક દાયકાથી ચાલી રહેલો આ કેસ હવે તેના તાર્કિક નિષ્કર્ષ પર પહોંચવો જોઈએ.

આ ટિપ્પણી વિજય માલ્યા દ્વારા દાખલ કરવામાં આવેલી ૨૦૨૦ ની અરજીની



સુનાવણી દરમિયાન આવી હતી. માલ્યાએ સ્પેશિયલ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ કોર્ટના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જેણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા જપ્ત કરાયેલી તેમની મિલકતોનો ઉપયોગ એસબીઆઈની આગેવાની હેઠળના બેંકોના કન્સોર્ટિયમને કરવાની મંજૂરી આપી હતી. માલ્યાએ દલીલ કરી હતી કે તેમની મિલકતો બેંકોને સોંપવાનો આદેશ અન્યાયી હતો. જો કે, કોર્ટે ભાર મૂક્યો હતો કે વ્યવસાયિક વિવાદોનો ઉકેલ વિવાદમાં જ રહેલો છે, અને પક્ષકારોએ એકબીજા સાથે જોડાવાને બદલે વ્યવહારુ ઉકેલો તરફ આગળ વધવું જોઈએ.

આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને નોટિસ ફટકારી છે. કોર્ટે ઈડીના ડેપ્યુટી ડિરેક્ટરને વિજય માલ્યા સામે ચાલી રહેલી તપાસની વર્તમાન સ્થિતિ અંગે સંપૂર્ણ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે અત્યાર સુધી જપ્ત કરાયેલી બધી મિલકતોનું વિગતવાર વિભાજન પણ માંગ્યું છે. કોર્ટને કેસની સ્પષ્ટ તસવીર મળે અને જપ્ત કરાયેલી મિલકતોનો ઉપયોગ બેંકો દ્વારા લોન વસૂલવા માટે કેવી રીતે કરી શકાય તે નક્કી કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. કેસની આગામી સુનાવણીમાં ઈડીનો રિપોર્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# મધ્યપ્રદેશમાં છેલ્લા છ મહિનામાં પતિ હત્યાના ૩૬ કેસ નોંધાયા : ૧૨૫૭૭ પતિઓએ મદદ માંગી

## મહિલાઓ સંબંધિત વિવાદો, કૌટુંબિક તણાવ અને વૈવાહિક સમસ્યાઓને કારણે મદદ માંગતા પુરુષોની સંખ્યામાં વધારો

ભોપાલ,
મધ્યપ્રદેશમાં પુરુષોને સંડોવતા કેસોના ઉભરતા ડેટાએ એક નવી ચર્ચા જગાવી છે. પુરુષ અધિકાર સંગઠનોનો દાવો છે કે જાન્યુઆરી અને જૂન ૨૦૨૬ વચ્ચે રાજ્યમાં પતિ હત્યાના ૩૬ કેસ નોંધાયા હતા, જે મધ્યપ્રદેશ દેશમાં બીજા ક્રમે છે. દરમિયાન, મહિલાઓ સંબંધિત વિવાદો, કૌટુંબિક તણાવો અને વૈવાહિક સમસ્યાઓને કારણે મદદ માંગતા પુરુષોની સંખ્યામાં પણ તીવ્ર વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, પુરુષ અધિકાર હેલ્પલાઈન પર ૧૨,૫૭૭ કોલ નોંધાયા હતા. આ આંકડાઓ વચ્ચે, રાષ્ટ્રીય પુરુષ આયોગની સ્થાપનાની માંગણી કરતી ઝુંબેશ અને ચળવળો દેશભરમાં વેગ પકડી રહી છે.

પુરુષ અધિકાર સંગઠનો દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, જાન્યુઆરી અને જૂન ૨૦૨૬ દરમિયાન મધ્યપ્રદેશમાં પતિ-હત્યાના ૩૬ કેસ નોંધાયા હતા. ૯૩ કેસ સાથે ઉત્તર પ્રદેશ પ્રથમ ક્રમે છે. સંગઠનો કહે છે કે આવા કેસોમાં સતત વધારો ચિંતાનો વિષય છે અને તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. આના આધારે, પતિ-હત્યાના કેસોમાં મધ્યપ્રદેશ દેશમાં બીજા ક્રમે છે. મધ્યપ્રદેશમાં સૌથી હાઈ-પ્રોફાઈલ કેસ ઈન્દોરની સોનમ રઘુવંશીનો છે.

મહિલાઓ અને વૈવાહિક સમસ્યાઓ સંબંધિત વિવાદોમાં મદદ માટે પુરુષોની સંખ્યા વધી રહી છે. આંકડા મુજબ, મધ્યપ્રદેશમાં મેન્સ રાઈટ્સ હેલ્પલાઈનને ૨૦૨૫માં ૮,૧૦૮ કોલ આવ્યા હતા. જૂન ૨૦૨૬ સુધીમાં, આ સંખ્યા વધીને ૧૨,૫૭૭ થઈ ગઈ હતી. આ વધારો એ સંકેત માનવામાં આવે છે કે વધુ પુરુષો તેમની સમસ્યાઓમાં મદદ માંગી રહ્યા છે.

પુરુષ અધિકાર સંગઠનોનો દાવો છે કે આ પરિસ્થિતિ ફક્ત મધ્યપ્રદેશ પૂરતી મર્યાદિત નથી. ૨૦૨૫માં, હેલ્પલાઈનને દેશભરમાં ૫૮,૨૮૯ કોલ મળ્યા હતા, જ્યારે ૨૦૨૬ના પહેલા છ મહિનામાં જ આ આંકડો વધીને ૮૭,૯૬૯ થયો હતો. સંગઠનો કહે છે કે કૌટુંબિક વિવાદો, વૈવાહિક તણાવ અને કાનૂની બાબતો અંગે પુરુષો તેમનો વધુને વધુ સંપર્ક કરી રહ્યા છે.

સંગઠનોએ દાવો કર્યો છે કે જાન્યુઆરીથી જૂન ૨૦૨૬ દરમિયાન મધ્યપ્રદેશમાં ૨૩૨ પુરુષોએ આત્મહત્યા કરી છે. પુરુષ અધિકાર કાર્યકરો કહે છે કે માનસિક તણાવ, કૌટુંબિક વિવાદો અને સામાજિક દબાણ જેવા પરિબળો પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. તેઓ માને છે કે આ મુદ્દો વ્યાપક ચર્ચા અને અભ્યાસને પાત્ર છે.

આ કેસોના આધારે, રાષ્ટ્રીય પુરુષ આયોગની રચનાની માંગ વેગ પકડી રહી છે. આંદોલન સાથે સંકળાયેલા સંગઠનો કહે છે કે પુરુષો માટે એક એવું પ્લેટફોર્મ હોવું જોઈએ જ્યાં તેમની ફરિયાદો અને સમસ્યાઓ સાંભળી શકાય. તેમનો દાવો છે કે દેશભરમાં લગભગ ૭૦ NGO અને ૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ કાર્યકરો આ અભિયાનમાં સામેલ છે અને સતત જાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં પિતાએ એકના એક દીકરાને ઉંઘમાં જ પતાવી દીધો!

## હથોડાના ઘા ઝીંકી જાતે પોલીસ પણ બોલાવી, ત્રણ બહેનોએ રક્ષાબંધન પહેલા જ ભાઈ ગુમાવ્યો

રાજકોટઃ

રાજકોટના આહીર ચોક પાસેના નહેરુનગરની શેરી નંબર ૮માં બાબુભાઈ સવસેતાએ પોતાના એકના એક દીકરાની ઉંઘમાં જ હથોડાના ઘા ઝીંકી હત્યા કરી છે.

અવારનવાર પારિવારિક ઝઘડામાં થતી બોલાચાલીનો ખાર રાખી પુત્ર રામનો જીવ લઈ લીધો. ત્યારબાદ પિતાએ જાતે જ ફોન કરીને પોલીસ બોલાવી હતી. આમ રક્ષાબંધનના ૧૫ દિવસ પહેલાં જ ત્રણ બહેનોએ ભાઈ ગુમાવ્યો છે.

આ બનાવ અંગે જાણ થતા ભક્તિનગર પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.



પોલીસની પ્રાથમિક તપાસમાં છેલ્લા થોડા સમયથી મૃતક યુવાનની માતા રિસામણે હોવાથી પિતા-પુત્ર બંને ઘરે એકલા રહેતા હોવાનું સામે આવ્યું હતું.

આ બનાવની જાણ થતા DCP કક્ષાના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને FSLની પણ મદદ લઈ ભક્તિનગર પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. હાલ સમગ્ર મામલે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી હત્યાનો ગુનો નોંધી આરોપી પિતાની અટકાયત કરી છે.ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં છેલ્લા એક મહિનામાં ૮ હત્યાના બનાવ નોંધાયા છે.

# મોરબી જિલ્લામાં બેકાબૂ વાહન અને અસાવચેતીનાં કારણે વધુ ૪ લોકોના અકાળે મોત

મોરબીઃ

મોરબી જિલ્લામાં અકસ્માતો અને અણધારી દુર્ઘટનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. હવે મોરબી અને ટંકારા પંથકમાં પતરૂ તૂટી પડવાથી, સિરામિક કારખાનામાં દીવાલ ધરાશાયી થવાથી, વીજ કરંટ લાગવાથી અને બે બાઈક વચ્ચેના ગમખ્વાર અકસ્માતમાં ચાર લોકોએ અકાળે જીવ ગુમાવ્યા છે. આ બનાવના કારણે મૃતકોના પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે, જ્યારે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં મોરબીના રફાળેશ્વર ગામે રહેતો ૨૨ વર્ષીય કાનજી વિક્રમ પરમાર સિમેન્ટના પતરા પર ચડીને કચરો સાફ કરી રહ્યો હતો, તે દરમિયાન અકસ્માતે સિમેન્ટ પતરૂ તૂટી જવાથી નીચે પટકાતા ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું. એ જ રીતે બીજા બનાવમાં મોરબીના લાલપર ગામે રહેતા અને પાનેલી ગામની સીમમાં આવેલ કે.ડા. સિરામિક કારખાનામાં કામ કરતા ૨૩ વર્ષીય આરીફઅલી આલમગીર નામના યુવાન પર કોઈ કારણસર દીવાલ ધરાશાયી થઈ હતી. જેથી દબાઈ જવાના કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું.

જ્યારે ત્રીજી ઘટનામાં ટંકારા તાલુકાના જોધપર ઝાલા ગામના રહેવાસી ૬૭ વર્ષીય ઘનશ્યામસિંહ જુવાનસિંહ ઝાલા પોતાની વાડીની બાજુમાં ઈલેક્ટ્રિક મોટર રિપેર કરી રહ્યા હતા, ત્યારે અચાનક વીજ પ્રવાહ ચાલુ થઈ જતાં ઈલેક્ટ્રિક શોર્ટ લાગ્યો હતો. તાત્કાલિક ધોરણે તેમને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. ચોથા બનાવમાં ટંકારાના છતર-વાછ્કપર રોડ પર બે બાઈક ધડાકાભેર સામસામે અથડાતા રોહિતકુમાર સંતોષ રાય નામના યુવાનને માથા અને શરીરે ગંભીર ઈજાઓ થવાથી સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે અકસ્માત સર્જનાર ચાલક પોતાનું બાઈક લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

# શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રવાહી વેંચતા ગેરકાયદે પંપ ઉપર દરોડો





રાજકોટ :

રૂડા ટ્રાન્સપોર્ટનગરમાં એસઓજીએ ગેરકાયદે રીતે ધમધમતા શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રવાહીના પંપ ઉપર દરોડો પાડી ૧૯૦૦ લિટર પ્રવાહી કબજે કર્યું હતું. તેની સાથે ઈલેક્ટ્રીક ફ્યુલ પંપ, પ્લાસ્ટિકના કન્ટેનર, લેપટોપ, ઈલેક્ટ્રિક મોટર, મીટર રીડીંગ લખેલી નોટબૂક, નાની-મોટી ડાયરીઓ, બિલ બૂક અને પ્લાસ્ટિકની નાની-મોટી બોટલો મળી કુલ રૂા.૩.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

એસઓજીને એવી બાતમી મળી હતી કે, અગાઉ બાયોડિઝલના કેસમાં પકડાયેલો વિસાવદરનો મહેલમ ફીરોઝભાઈ ભારમલ શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રવાહીનો જથ્થો અલગ-અલગ વાહનોમાં પુરી આપે છે. જેના આધારે ગોડાઉનમાં રેડ કરતા ગેરકાયદે પંપ મળી આવ્યો હતો.

સ્થળ પરથી મહેલમ સાથે રણજીત ધાંધલ (રહે. રાધેશ્યામ સોસાયટી, હુડકો ચોકડી) પણ મળી આવ્યો હતો. જોકે એસઓજીને આ પેટ્રોલિયમ પ્રવાહી કઈ રીતે બનાવાયું તે વિશે કોઈ માહિતી મળી નથી. પેટ્રોલિયમ પ્રવાહીમાં ખરેખર શું-શું છે તે જાણવા માટે તેના નમૂના લઈ એફએસએલમાં મોકલી આપ્યા છે. જેનો રીપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરાશે.

હાલ એસઓજીએ કુવાડવા રોડ પોલીસ મથકમાં જાણવાજોગ નોંધ કરી તપાસ શરૂ કરી છે. તેના સુત્રોએ જણાવ્યું કે, મહેલમને વિસાવદરમાં જ આ શંકાસ્પદ પેટ્રોલિયમ પ્રવાહી બનાવવાનો પ્લાન્ટ છે. આ શંકાસ્પદ પ્રવાહી ટ્રક, ટેન્કર સહિતના વાહનોમાં પૂરી આપતો હતો.

# ધોરાજી:વિફરેલા શ્વાને ૧૦થી વધુ લોકોને બચકાં ભરી લેતાં નાસભાગ



ધોરાજી:ધોરાજીમાં વિફરેલા શ્વાને રીતસર આતંક મચાવી દીધો હતો અને આઠથી દસ લોકોને બટકાં ભરી લેતાં લોકોમાં નાસભાગ થઈ ગઈ હતી તો બીજી તરફ જેમને બટકાં ભર્યાં તેમને સિવિલમાં સારવાર લેવા દોડવું પડ્યું હતું. જો કે આ શ્વાન હડકાયું હતું કે કેમ તે હજુ નક્કી થઈ શક્યું નથી. પરંતુ રખડતા પશુઓ સામે કોઈ જ કાર્યવાહી ન કરવાની તંત્રની જીદના લીધે લોકોને તહેવારો સમયે જ દોડાદોડી થઈ પડી હતી.

ધોરાજી શહેરમાં સ્ટેશન રોડથી જૂનાગઢ રોડ સુધીના રસ્તા પર એક વિફરેલા શ્વાને આ વિસ્તારમાંથી ૧૦ જેટલા લોકોને બચકાં ભરીને ઈજા કરી હતી. આથી ઘડીભર તો આ વિસ્તારમાંથી પસાર થતા લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને બીજી તરફ જેમને શ્વાને બટકાં ભરી લીધા હતા તે તમામ સિવિલ હોસ્પિટલે હડકવા વિરોધી રસી લેવા દોડ્યા હતા.

# કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજનના નામચીન પુત્રએ સાગરીતો સાથે બે સ્થળે માથાકૂટ કરી

## જેનીશ મહાજન આણી ટોળકીનો આતંક યથાવત, મહિલા પર સરાજાહેર હુમલો

રાજકોટ : ગુજસીટોકમાં પકડાયેલા કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજનના માથાભારે પુત્ર જેનિશ અને તેના સાગરીતોએ ગઈકાલે રાત્રે બે સ્થળે માથાકુટ કરતા દેકારો મચી ગયો હતો. ગાંધીગ્રામ પોલીસે જેનિશ સહિત ત્રણ આરોપીની અટકાયત કરી હતી.

પોલીસે જણાવ્યું કે, અયોધ્યા ચોક પાસેના હિંમતનગરમાં રહેતો રવિ સાટિયા (ઉ.વ.૨૨) ગઈકાલે રાત્રે શિતલ પાર્ક પાસે વીડિયો કોલ પર વાત કરતો હતો ત્યારે જેનિશ અને તેના મળતીયાઓને પોતાનું વીડિયો શૂટિંગ કરતો હોવાનું જણાતા તમાચા ઝીંકી દીધા હતા.

ગાંધીગ્રામ શેરી નં.૬માં રહેતા અને મકાનમાં જ સાડીની દુકાન ધરાવતા ભાવનાબેન બાબરીયા (ઉ.વ.૪૭)ના ઘર પાસે ગઈકાલે કશ્યપ અને અજાણ્યો શખ્સ ગાળો બોલતા હોવાથી તેમ કરવાની ના પાડતા ભાવનાબેનના ઘરની બહાર પાર્ક બાઈકને ધક્કો મારી તેને કહ્યું કે, ગાળો બોલાશે. એટલું



જ નહી તેની પુત્રી વિશે અપશબ્દો કહ્યા હતા. તેના પતિ અને પુત્રને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

તેનો પુત્ર શુભમ બહાર આવતા તેના મોઢા પર મુક્કો માર્યો હતો. થોડી વાર બાદ બંને આરોપીઓ જતાં રહ્યા હતા. વધુ બે શખ્સોને લઈને ફરીથી ત્યાં આવ્યા હતા. આવીને શુભમને મારકુટ કરી હતી. ભાવનાબેન વચ્ચે પડતાં તેના મોઢા પર લોખંડનો પાઈપ ઝીંકી દીધો હતો. તેના પતિ ઉપર પણ પાઈપથી હુમલો કર્યા બાદ ચારેય આરોપીઓ જતાં રહ્યા હતા.

ગાંધીગ્રામ પોલીસમાં કશ્યપ અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો હતો. પોલીસે જણાવ્યું કે શિતલ પાર્ક પાસે યુવકને તમાચો ઝીંકવાના કેસમાં જેનિશ, ભાવિક પટેલ અને કશ્યપ સોલંકીની અટકાયત કરી ચોથા આરોપીની શોધખોળ શરૂ કરાઈ છે. આ ચારેય આરોપીઓએ ભાવનાબેન અને તેના પરિવારના સભ્યો ઉપર પણ હુમલો કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે જનિશ મહાજન આ અગાઉ ગાંધીગ્રામ પોલીસ મથક ઉપર હુમલો, મારામારી અને પ્રોહિબિશનના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ગયો છે. છાશવારે માથાકુટ અને ડખ્ખા કરવાની ટેવ ધરાવે છે. આમ છતાં પોલીસ તેને કાબૂમાં કરવામાં સદંતર નિષ્ફળ ગઈ છે.

# શાપર વેરાવળમાં હત્યાનો ભેદ ઉકેલાયો

## સગા સાઢુની હત્યાયાનો આરોપી અમરેન્દ્રસિંહ ગણતરીના કલાકોમાં ઝડપાયો



રાજકોટ:રાજકોટ જિલ્લાના શાપર (વેરાવળ) ખાતે સગા સાઢુની હત્યાનો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ (ઉંમર ૩૬) ને ઝડપી પાડ્યો છે. આ ઘટનામાં ૩૪ વર્ષીય બ્રીજવિહારીસીંગ ધ્રુપનારાયણ સિંહનું મોત નીપજ્યું હતું.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ઘટના ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે બની હતી. આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ પોતાના પુત્ર રિતેશસિંહને માર મારી રહ્યો હતો. રિતેશસિંહ ફરિયાદી સજુબેનની ઓરડીમાં જતા, આરોપી તેને લેવા ત્યાં પહોંચ્યો હતો. ફરિયાદીએ રિતેશસિંહને આપવાની ના પાડતા, આરોપીએ બોલાચાલી કરી ફરિયાદીને ધક્કો મારી નીચે પાડી દીધી હતી, જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી.આ દરમિયાન આરોપીએ ઈજાગ્રસ્ત સાક્ષી બ્રીજવિહારીસીંગ ધ્રુપનારાયણ સિંહ (ઉંમર ૩૪) સાથે પણ મારામારી કરી તેમને છત પરથી નીચે ફેંકી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. બ્રીજવિહારીસીંગને માથામાં ગંભીર ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ૧૨ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યે તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જેથી અગાઉ નોંધાયેલા ગુનામાં ભ્નજી કલમ ૧૦૩(૧) હેઠળ હત્યાની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. મૃતક અને આરોપીની પત્નીઓ બહેનો થતી હોવાથી તેઓ સગા સાઢુભાઈ હતા.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ રેન્જના ડીઆઈજી નિર્લિપ્ત રાય, રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજયસિંહ ગુર્જર અને ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કે.જી. ઝાલાની સૂચનાથી શાપર વેરાવળ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. રાણાએ સર્વેલન્સ સ્ટાફ અને અલગ-અલગ ટીમો બનાવી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

ટેકનિકલ સોર્સના આધારે પોલીસે શાપર વેરાવળ વિસ્તારમાંથી આરોપી અમરેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ (ઉંમર ૩૬, ધંધો વેપાર) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં પીઆઈ આર.બી. રાણા સહિત શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

# રાજકોટમાં ૧૦ કિલો ગાંજા સાથે એકની ધરપકડ, રીસીવરની શોધખોળ

## બિહારના ઉપેન્દ્ર પાસવાને ગાંજાની ચોથી વખત ખેપ મારી



રાજકોટ:રાજકોટ શહેર SOG દ્વારા માદક પદાર્થ ગાંજાના મોટા જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર કુવાડવા ચોકડી નજીકથી બિહારના ઉપેન્દ્ર પાસવાન નામના શખસની ધરપકડ કરી તેની પાસેથી ૯.૯૦૦ કિલો ગાંજો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

SOG ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ઉપેન્દ્ર પાસવાન નામનો શખસ ગાંજાના જથ્થા સાથે કુવાડવા ચોકડી નજીકથી પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી તેને અટકાવ્યો હતો. આરોપીની ઓળખ ઉપેન્દ્ર બહાદૂરરામ પાસવાન (રહે. ભોજપુર, બિહાર) તરીકે થઈ છે. તેની અંગજડતી લેતાં ૪.૯૫ લાખની કિંમતનો ૯.૯૦૦ કિલો ગાંજો, મોબાઈલ અને રોકડ રકમ મળીને કુલ ૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તે અગાઉ પણ ત્રણ વખત ગાંજાની ખેપ મારી ચૂક્યો છે અને આ તેની ચોથી ખેપ હતી. તે બિહારથી ગાંજાનો આ જથ્થો લાવી રાજકોટના 'મહંમદ' નામના શખસને આપવા આવ્યો હતો. SOG પોલીસે હવે મુખ્ય રિસીવર મહંમદને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# વાંકાનેરના લુણસરિયામાં હાર્ડ મોરમનું ગેરકાયદે ખનન પકડાયું: ૧ કરોડની મશીનરી કરી સીઝ

રાજકોટઃ

વાંકાનેરના લુણસરિયા ગામે બોકડથંભા સીમ વિસ્તારમાં રાજકોટ ફલાઈંગ સ્ક્વોડની ટીમે દરોડો પાડીને હાર્ડ મોરમનું ખનિજ ખનન અને વહન કરતી બે મશીનરી મળી કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ આ સ્થળ પર મોટા પ્રમાણમાં ખનન થઈ જતા ખનન માપણી કરવામાં આવી રહી છે.આ બાદ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

વાંકાનેર તાલુકાના લુણસરિયા ગામની બોકડથંભા સીમમાં ખનિજમાફિયાઓ દ્વારા મોટા પાયે ગેરકાયદેસર ખનન અંગેના મોટા ખાડાઓ સેટેલાઈટ તસવીરમાં પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે.આ ગેરકાયદે ખનન દરમિયાન



રાજકોટ રીજનલ મદદનીશ નિયામક અંકિત ભટ્ટના માર્ગદર્શન હેઠળ ફલાઈંગ સ્ક્વોડની ટીમે દરોડો પાડતા ગેરકાયદેસર હાર્ડમોરમ ખનિજ ખનન/વહન અન્વયે ૧ સાની કંપનીનું એક્સકેવેટર મશીન અને ૧ ડમ્પર ઝડપાયું હતું.જે સ્થાનિક ગેરકાયદેસર હાર્ડ મોરમ ખનિજ ખનન/વહનમાં સંકળાયેલ હોવાનું ફલિત થતા આશરે કુલ ૧ કરોડનો મુદ્દામાલ સીઝ કરી વાંકાનેર પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યો છે. હાલ ખનન સ્થળ પર મોટા પ્રમાણમાં ખનન થયું હોવાથી રોયલ્ટી ઈન્સ્પેક્ટરો દ્વારા માપણીની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.આ બાદ એક્સકેવેટર મશીનના માલિક કરણાભાઈ ભાણાભાઈ ટોટા તથા ડમ્પરના માલિક ભરતભાઈ રૈયાભાઈ બાંભવાને દંડ ફટકારવામાં આવશે.

# ફ્રુટના ધંધાર્થીને બિહારથી લીચી મંગાવી મોંઘી પડી, રૂ.૬.૭૧ લાખની છેતરપિંડી

રાજકોટ:નાનામવા રોડ પર ફ્રુટની લારી ધરાવનાર ધંધાર્થી સાથે બિહારી શખ્સે રૂ.૬.૭૧ લાખની છેતરપિંડી આચરતાં તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. યુવાને લીચીનો માલ મંગાવવા બિહારી શખ્સને પૈસા આપ્યા હતા પરંતુ માલ ન મોકલી પૈસા ઓળવી ગયો હતો.

બનાવ અંગે નાનામવા રોડ પર પાઠક સ્કૂલ વાળી શેરીમાં અર્જુન પાર્ક ક્વાર્ટર બ્લોક નંબર ૧૦ માં રહેતા અને નાનામવા રોડ પર છેલ્લા ૧૫ વર્ષથી ફ્રુટની રેંકડી રાખી વેપાર કરનાર કૌશરભાઈ સલીમભાઈ મેતર (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે બિહારના દરભંગા જિલ્લાના એમ.ડી.નઈમ આલમનું નામ આપી જણાવ્યું હતું કે, ત્રણેક વર્ષ પૂર્વે સરધારના રણજીતગઢ ગામે ઉર્ષમાં ગયો હતો ત્યારે તેની મુલાકાત જસદણના હારૂનભાઈ સાથે થઈ હતી અને આ હારૂનભાઈએ જણાવ્યું હતું કે તેને જસદણમાં નોનવેજની દુકાન છે.

જ્યારે યુવાને કહ્યું હતું કે તે હોલસેલમાં લીચીનો વેપાર કરે છે જેથી હારૂને તેને કહ્યું હતું કે, મારો સાળો એમ.ડી.નઈમ આલમ બિહારમાં લીચીનો હોલસેલ વેપાર કરે છે. તમારે લીચી જોઈતી હોય તો મને કહેજો અને મોબાઈલ નંબર આપ્યો હતો.બાદમાં યુવાને આ હારુનભાઈને ગઈ તા.૧૬/૫/૨૦૨૫ ફોન કરતા તેણે કહ્યું હતું કે, મારો સાળો એમ.ડી.નઈમ રાજકોટ આવ્યો છે તેને લઈને આવીશ બાદમાં હારૂનભાઈ તથા તેનો સાળો નઈમ બંને યુવાનની ફ્રુટની રેંકડી ગયા હતા જ્યાં યુવાને નઈમ આલમને વાત કરી હતી કે, મારે ૬૦૦ પેટી લીચી જોઈએ છે જેથી નઈમે કહ્યું હતું કે, હું બિહારથી લીચી મંગાવું છું જેથી અહી પહોંચતા ત્રણ દિવસ લાગશે.

એક પેટીના રૂપિયા ૧૨૫૦ જે એક બોક્સમાં ૧૦ કિલો લીચી આવે છે એમ કુલ ૬૦૦ પેટીનો ઓર્ડર યુવાને આપ્યો હતો અને નઈમે કહ્યું હતું કે, તમે મારા ખાતામાં કટકે કટકે રૂપિયા જમા કરાવજો. હું તમને બિહારથી માલ મોકલતો રહીશ.ત્યારબાદ યુવાને તે જ દિવસે નઈમના ખાતામાં કુલ રૂપિયા ૯૯,૯૯૯ જમા કરાવ્યા હતા અને તેની સાથે વાતચીત કરી હતી. બાદમાં તા. ૧૯-૫, ત્યારબાદ તા. ૨૨-૫ અને તા. ૨૫-૫-૨૦૨૫ ના મળી કુલ રૂપિયા ૫,૬૩,૯૯૫ નઈમના ખાતામાં જમા કરાવ્યા હતા. પૈસા જમા થયા બાદ પણ નઈમ બિહારથી લીચી મોકલાવી ન હતી અને તેને ફોન કરતા ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. ત્યારબાદ તેની સાથે વાત થતા તેણે કહ્યું હતું કે, મેરે જીજાજી હારૂનભાઈ સે બાત કર લો મુજકો ઈસ બારેમે કોલ મત કરના તેમ કહી ફોન કટ કરી નાખ્યો હતો.બાદમાં તા. ૧૫-૫-૨૦૨૬ ના નઈમનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, અત્યારે બિહારમાં લીચીની સિઝન સારી ચાલે છે મારે તમારો જે માલ મોકલવાનો હતો તે હું આ વર્ષે પૂરો કરી દઈશ તમારે બીજી લીચીનો ઓર્ડર આપવાનો હોય તો હું તમારો અગાઉનો અને હાલનો માલ કટકે કટકે રાજકોટ મોકલાવી દઈશ. તેવી વાત કરતા યુવાને વધુ ૧૦૦ પેટી લીચીનો ઓર્ડર આપ્યો હતો અને તા. ૩૧-૫ ના નયનના બેંક ખાતામાં રૂપિયા ૧.૦૭ લાખ જમા કરાવ્યા હતા.

# જેતપુરના વાડાસડામાં જુગારધામ પર LCBનો દરોડો: ૭ શખ્સો ઝડપાયા,૫૭,૫૦૦નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ:રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના વાડાસડા ગામની સીમમાં એક ખેતરના મકાનમાં ચાલતા જુગારધામ પર રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં જુગાર રમતા સાત શખ્સોને ?૫૭,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ ડામી દેવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના આધારે LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી.

પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે, પોલીસે વાડાસડા ગામની સીમમાં આવેલા ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયાના ખેતરમાં આવેલા મકાન પર દરોડો પાડ્યો હતો. તપાસમાં જાણવા મળ્યું કે ખેતર માલિક ગીરીશભાઈ રીબડીયા પોતે બહારથી માણસો બોલાવી, તેમને સુવિધાઓ



પૂરી પાડીને પોતાના ખેતરમાં તીનપત્તીનો જુગાર રમાડતો હતો.

પોલીસે સ્થળ પરથી ગંજીપત્તાના પાના વડે હારજીતનો જુગાર રમતા સાત આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જેમાં વાડાસડા ગામના ગીરીશભાઈ ભગવાનજીભાઈ રીબડીયા (ઉ.વ. ૪૪), જયેશભાઈ રાઘવભાઈ સીગાળા (ઉ.વ. ૫૦), હિતેન્દ્રસિંહ નટવરસિંહ ચૌહાણ (ઉ.વ. ૫૦), વિજયસિંહ ભીખુભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૦), બાવનજીભાઈ રણછોડભાઈ રીબડીયા (ઉ.વ. ૫૮), દિવ્યેશભાઈ વ્રજલાલ સીગાળા (ઉ.વ. ૩૬) અને કલ્પેશભાઈ બાવનજીભાઈ રીબડીયા (ઉ.વ. ૪૦)નો સમાવેશ થાય છે.

આરોપીઓ પાસેથી રોકડ રકમ ?૫૭,૫૦૦ અને જુગારના સાધનો કબજે કરવામાં આવ્યા હતા. આ મામલે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરીમાં LCB પીઆઈ જે.પી.રામ, પીએસઆઈ આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી.ગોહીલ, પી.એન.ભરવાડ તથા એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડકોદીયા, ઈન્દ્રસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, ભગીરથસિંહ જાડેજા, ધર્મેન્દ્રભાઈ ચાવડા, મનદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ વિજયભાઈ ખડીયા, રણજીતભાઈ બોરડ તથા ડ્રાઈવર પીસી અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.